**આજનો સુવિચાર**

જરૂરી નથી કે બધા લોકો આપણને સમજી શકે, કેમકે ત્રાજવું ફક્ત વજન બતાવે છે ગુણવત્તા નહી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૪૭ જૂનાગઢ તા.૩૦-૦૯-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 247, Junagadh : Date : 30 September, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## શેરબજારમાં બ્લેક મન્ડે : સેન્સેક્સમાં ૧૦૦૦ પોઈન્ટનું ગાબડું



મુંબઈ તા. ૩૦ સપ્ટેમ્બર મહિનાના છેલ્લા ટ્રેડિંગ દિવસે આજે એટલે કે, ૩૦ સપ્ટેમ્બરના રોજ સેન્સેક્સ ૧૦૦૦થી વધુ પોઈન્ટના ઘટાડા સાથે ૮૪,૬૩૦ ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ ૨૦૦ પોઈન્ટનો ઘટાડો જોવા મળી રહ્યો છે, નીફ્ટી ૨૫,૯૬૦ના સ્તર પર ટ્રેડ થઈ રહ્યો છે. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૩ ઘટી રહ્યા છે અને ૭માં તેજી છે. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૫ ઘટી રહ્યા છે અને ૧૫માં તેજી છે. NSEના રિયલ્ટી સેક્ટરમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે. NSEના ડેટા અનુસાર વિદેશી રોકાણકારોએ છેલ્લા કામકાજનાં બે દિવસો દરમ્યાન રૂા.૧૨૦૦ કરોડના શેરોનું વેચાણ કર્યુ હતું જેની અસર જોવા મળી હતી. તેમજ વૈશ્વિક કારણો ઈઝરાયેલ - લેબનાન સંકટ, અમેરીકા અને ચીનમાં મંદીનાં ભણકારા જેવા કારણો આજના શેરબજારનાં ઘટાડા માટે જવાબદાર હોવાનું મનાય છે તેમજ આજે સપ્ટેમ્બર માસનાં કામકાજનો છેલ્લો દિવસ હોય ઓળિયા સરખા કરવામાં આવી રહયા હોય જેથી પણ બજાર દબાણ હેઠળ છે.એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કી ૪.૬૪% અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૨.૨૩% વધ્યો હતો. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૫.૧૮%ના વધારા સાથે કારોબાર કરી રહ્યો છે.

## વડોદરામાં બે માસમાં ત્રીજીવાર પુર સંકટ વિશ્વામીત્રી નદીનાં પાણી શહેરમાં ઘુસ્યા


વડોદરા, તા. ૩૦ ગુજરાતની સંસ્કાર નગરી વડોદરામાં ફરી વખત પૂરનું સંકટ સર્જાયુ છે. ભારે વરસાદના કારણે વિશ્વામિત્રીની સપાટી ભયજનક સ્તરથી એક જ ફુટ દુર છે અને કાળાઘોડા બ્રીજની જળ સપાટી ૨૫ ફૂટે પહોંચી ગઈ છે અને પાણીની આવક સતત ચાલુ છે. આઝવા ડેમની સપાટી ૨૧૩.૨૬ ફુટે પહોંચી છે અને પ્રતાપપુરા ડેમના દરવાજા હજુ બંધ છે પરંતુ ગમે તે ઘડીએ આઝવા અને પ્રતાપપુરામાંથી પાણી છોડવાની શકયતા છે. જોકે તંત્રએ ઈન્કાર કર્યો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાનું શરૂ થઈ ગયું છે. વડસરથી કોટેશ્વર જતા માર્ગ પર પાણી ફરી વળતા ૪ થી ૫ સોસાયટીમાં ૩ થી ૪ ફુટ પાણી ભરાયા છે. અગાઉ ૨૪ જુલાઈ અને ૨૬ ઓગષ્ટે વડોદરામાં પુર આવ્યું હતું તેની યાદ તાજી થઈ છે.


પુરથી વાહનોને બચાવવા લોકોએ ઓવરબ્રીજ ઉપર વાહનોના ખડકલા કરી દીધા છે. જો પાણીની સપાટી વધે તો ઓવરબ્રીજ પણ પાણીમાં ગરક થઈ જશે. વડોદરામાં આજે શાળા-કોલેજોમાં રજા જાહેર કરી દીધી છે. શહેરમાં એનડીઆરએફને એલર્ટ કરી દેવામાં આવી છે.

## ઓકટોબર માસમાં ૧૫ દિવસ બેંકો બંધ રહેશે

નવી દિલ્હી તા. ૩૦ આવતીકાલથી શરૂ થઈ રહેલા ઓકટોબર માસમાં ૧૫ દિવસ સુધી બેંકોમાં કામકાજ નહીં થાય. દેશમાં વિવિધ કારણોસર બેંકો અલગ-અલગ સ્થળોએ ૯ દિવસ સુધી કામ કરશે નહીં. આ સિવાય ૪ રવિવાર અને ૨ શનિવારે પણ બેંકો બંધ રહેશે. ૨ ઓક્ટોબરે ગાંધી જયંતિ નિમિત્તે બેંકો દરેક જગ્યાએ બંધ રહેશે. ૧૨ ઓક્ટોબરે દશેરાના દિવસે પણ દેશના મોટાભાગના વિસ્તારોમાં બેંકો બંધ રહેશે.

## કંગાળ બનેલા પાકિસ્તાને ૬ મંત્રાલયોને તાળા મારી દીધા : ૧.૫ લાખ સરકારી નોકરીઓ સમાપ્ત





ઈસ્લામાબાદ તા. ૩૦ પોતાના ઈતિહાસના સૌથી મોટા આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનમાં લોકોની મુશ્કેલીઓ ઘટવાની જગ્યાએ વધી રહી છે. પાકિસ્તાનને મિત્ર દેશો અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ તરફથી મોટી આર્થિક મદદ મળી હોવા છતાં લોકો પર બોજ વધી રહ્યો છે. હવે ફરી એકવાર પાકિસ્તાને બેલઆઉટ પેકેજનો હપ્તો મેળવવા માટે IMFની કડક શરતોને સ્વીકારીને ઘણા મોટા નિર્ણયો લીધા છે. આ અંતર્ગત શાહબાઝ શરીફ સરકારે એક જ ઝટકામાં ૧.૫ લાખ લોકોને નોકરીમાંથી કાઢી મૂક્યા છે.આર્થિક કટોકટીનો સામનો કરી રહેલા પાકિસ્તાને IMFની શરતોને પહોંચી વળવા માટે લગભગ ૧,૫૦,૦૦૦ સરકારી પોસ્ટને દૂર કરવાની, ૬ મંત્રાલયોને બંધ કરવાની અને અન્ય બેને મર્જ કરવાની જાહેરાત કરી છે.

## આવતીકાલથી વિવિધ નિયમોમાં ફેરફાર આવશે રાંધણગેસ સિલિન્ડરનાં ભાવમાં વધ-ઘટ થશે ?

નવી દિલ્હી, તા.૩૦: દર મહિનાની પહેલી તારીખ થોડા નિયમોમાં ફેરફાર થાય છે અને ઓક્ટોબરના પહેલા દિવસે પણ કેટલાક મોટા ફેરફારો થવાના છે, જેની સીધી અસર સામાન્ય માણસોના ખિસ્સા પર પડશે. ઓક્ટોબરમાં ખાસ કરીને એલપીજીની કિંમતથી લઈને આધાર અને નાની બચત યોજનાઓના નિયમોમાં ફેરફાર સુધી ઘણા ફેરફાર આવશે.

ઓઈલ કંપનીઓ દર મહિનાની પહેલી તારીખે એલપીજીનું મૂલ્યાંકન કરે છે અને તેના આધારે કંપનીઓ તેમની કિંમતોમાં પણ ફેરફાર કરી શકે છે. દર મહિનાની પહેલી તારીખે ઘરેલું અથવા કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ફેરફાર થાય છે.

આ યોજનામાં ૧ ઓક્ટોબર ૨૦૨૪થી મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. નવા નિયમો હેઠળ, જે ખાતાઓ કાયદેસર માતાપિતા દ્વારા ખોલવામાં આવ્યા ન હતા, એટલે કે છોકરીના દાદી-દાદા કે બીજા કોઈએ દ્વારા ખોલવામાં આવ્યા છે એ ખાતાઓ હવે ફરજિયાત માતા-પિતાના નામે ટ્રાન્સફર કરવાના રહેશે.

૧ ઓક્ટોબરથી સિમ કાર્ડના નિયમોમાં ફેરફાર થશે. ટ્રાઈના નવા નિયમ હેઠળ હવે યુઝર્સ માટે તેમના વિસ્તારમાં કયું નેટવર્ક ઉપલબ્ધ છે તે જાણવું સરળ બનશે. ટ્રાઈએ ટેલિકોમ્યુનિકેશન કંપનીઓને આને લગતા નવા નિયમો લાગુ કરવા કહ્યું છે. ટ્રાઈના નવા નિયમો અનુસાર હવે ટેલિકોમ કંપનીઓએ પોતાની વેબસાઈટ પર જ આ માહિતી આપવી પડશે.

૧ ઓક્ટોબરથી આધાર સાથે જોડાયેલા નિયમોમાં ફેરફાર થશે. બજેટમાં આધાર નંબરને બદલે આધાર એનરોલમેન્ટ આઈડીનો ઉલ્લેખ કરવાની મંજૂરી આપતી જોગવાઈને બંધ કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી. આ નિર્ણયથી દુરુપયોગ અને ડુપ્લીકેશન ખતમ થઈ જશે.

## મિથુન ચક્રવર્તીને દાદા સાહેબ ફાળકે એવોર્ડ

મુંબઇ, તા. ૩૦ બોલીવુડના દિગ્ગજ અભિનેતા મિથુન ચક્રવર્તીને ૨૦૨૪નો દાદા સાહેબ ફાળકેથી સન્માનિત કરાશે. હિન્દી ફિલ્મમાં તેમના યોગદાન બદલ આ સન્માન આપવામાં આવશે. દાદા સાહેબ ફાળકે એવોર્ડ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં સર્વોચ્ચ એવોર્ડ ગણવામાં આવે છે. ૮ ઓકટોબર ૨૦૨૪ના દિલ્હીમાં યોજાનાર સમારોહમાં આ એવોર્ડ તેને અપાશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે એક્સ પર એક પોસ્ટ મૂકતા આ અંગેની જાહેરાત કરી હતી.

## તિરૂપતિ લાડુ વિવાદમાં આજે સુપ્રિમ કોર્ટમાં પાંચ અરજીઓ પર સુનાવણી

નવી દિલ્હી તા. ૩૦ તિરુપતિ લાડુ વિવાદ મામલે આજે સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ બીઆર ગવઈ અને કેવી વિશ્વનાથનની બેંચ પાંચ અરજીઓ પર સુનાવણી કરશે. આંધ્રપ્રદેશના શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિર (તિરુપતિ મંદિર)માં પ્રસાદમ (લાડુ)માં પશુની ચરબી મામલે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થશે. જસ્ટિસ બીઆર ગવઈ અને કેવી વિશ્વનાથનની બેન્ચ પાંચ અરજીઓ પર સુનાવણી કરશે. તેમાંથી બે મુખ્ય અરજીઓ ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી અને તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ઢ)ના ભૂતપૂર્વ પ્રમુખ વાયવી સુબ્બા રેડ્ડીએ કરી છે. બીજી અરજી એડવોકેટ સત્યમ સિંહ દ્વારા કરવામાં આવી હતી. કોર્ટ તમામ અરજીઓની એકસાથે સુનાવણી કરશે.

## જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં આવતીકાલે અંતિમ તબક્કામાં ૪૦ બેઠકો પર મતદાન

શ્રીનગર તા. ૩૦ જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં પ્રચાર પૂરો થઈ ગયો છે. આવતીકાલે ત્રીજા અને છેલ્લા તબક્કામાં ૧ ઓક્ટોબરે ૪૦ સીટો પર મતદાન થશે. પરિણામ ૮મી ઓક્ટોબરે આવશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૩ સરકારી અધિકારીઓને આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમજ ૬ કોન્ટ્રાક્ટ અને એડહોક કર્મચારીઓને દૂર કરવામાં આવ્યા છે. એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ ૧૩૦ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે. પોલીસ વિભાગે સૌથી વધુ ૧૦૭.૫૦ કરોડની રકમ જપ્ત કરી છે.

૧૨૬૩ ફરિયાદો ચૂંટણી પંચ સુધી પહોંચી હતી કમિશનના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં નોંધાયેલા ૧૨૬૩ MCC ઉલ્લંઘન કેસમાંથી ૬૦૦ તપાસ બાદ બંધ કરવામાં આવ્યા છે. તેમજ કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. ૩૬૪ કેસ હજુ તપાસ હેઠળ છે.

## મુંબઈમાં ત્રણ ટયુશન ટીચરે સગીરાનું જાતિય શોષણ કર્યુ

મુંબઈ,તા. ૩૦: મુંબઈમાં વધુ એક ચોંકાવનારો બળાત્કારનો કિસ્સો સામે આવ્યો છે. મુંબઈમાં ત્રણ શિક્ષકો દ્વારા એક વિદ્યાર્થીનીનું જાતીય શોષણ કરવાનો આરોપ કરવામાં આવ્યો છે. આ મામલે મુંબઈ પોલીસે ત્રણ શિક્ષકોની ધરપકડ કરી છે અને વધુ એક આરોપી ફરાર થઈ જતા જેને શોધવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

આ ઘટના અંગે પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ૧૩ વર્ષની છોકરીનું તેના ત્રણ ટ્યુશન શિક્ષકો દ્વારા અનેક વખત યૌન શોષણ કરવામાં આવ્યું હતું. આ અંગે ફરિયાદ બાદ તરત જ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જયારે એક આરોપી હાલ ફરાર છે અને તેની શોધ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી ગૌતમ, તરુણ રાજપુરોહિત અને સત્ય રાજે સગીરાનું યૌન શોષણ કરવાનની સાથે તેને અશ્લીલ તસવીરો અને વીડિયો પણ બતાવ્યા હતા. સત્ય રાજની ધરપકડ માટેની તપાસ ચાલી રહી છે.

## વિદ્યાર્થીઓને કેનેડા પ્રતિ મોહભંગ થયો વિઝા અરજીમાં ૫૦ ટકાનો ઘટાડો




અમદાવાદ,તા.૩૦ ભારતીય વિદ્યાર્થીઓમાં વિદેશમાં ભણવા જવાના ટ્રેન્ડમાં કેનેડાનું નામ અગ્રેસર રહેતુ હતું પરંતુ હવે આકરા નિયમો તથા ઉંચા ખર્ચને કારણે વિદ્યાર્થીઓનો કેનેડાનો મોહ ઘટી રહ્યો છે.કેનેડા માટે સ્ટુડન્ટ વિઝા અરજીમાં ૫૦ ટકા ઘટાડો થયો છે.વિદ્યાર્થીઓ હવે જર્મની, જેવા વૈકલ્પિક દેશો પસંદ કરવા લાગ્યા છે. વિદ્યાર્થીઓનાં કહેવા પ્રમાણે ૩૬ લાખના રોકાણમાં ગેરેટી સર્ટીફીકેટ છતા કેનેડામાં ઘર કે નોકરી મળવાનું નિશ્ચિત ન રહેતા જર્મની જેવા દેશો વિકલ્પ બન્યા છે. જયાં ભણવાનો ખર્ચ પણ અર્ધો છે અને ત્રણ વર્ષ નોકરીની પણ તક છે. અત્યાર સુધી કેનેડાનો અભ્યાસ વિદ્યાર્થીઓ માટે સ્વપ્ન હતું પરંતુ છેલ્લા બે વર્ષમાં નવા-નવા નિયમોએ સપના પર પાણી ફેરવી દીધુ છે.વિદ્યાર્થીઓનાં વિઝા ઘટાડા, નોકરીના કલાકોમાં કાપ સહીતના નિયમોથી વિદ્યાર્થીઓનો મોહ ભાંગ્યો છે. વિઝા-ઈમીગ્રેશન જેવા સેવા પ્રદાન કરતી કંપનીનાં સુત્રોએ કહ્યું કે છેલ્લા એક દાયકામાં પ્રથમ વખત કેનેડા માટેની વિઝા અરજીમાં ઘટાડો નોંધાયો છે.

## કાનપુર નજીક વધુ એકવાર ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ

કાનપુર,તા.૩૦ ઉતર પ્રદેશમાં વધુ એક મોટો ટ્રેન અકસ્માત થતા થતા રહી ગયો હતો. ગોવિંદપુરી રેલવે સ્ટેશન પાસે ટ્રેક પર ફાયર ગેસ સીલીન્ડર મળી આવ્યું હતું. જેથી હડકંપ મચી ગયો હતો. મુંબઈથી કાનપુર તરફથી આવી રહેલી પુષ્પક એકસપ્રેસનાં ચાલકની નજરે એક ગેસ સિલીન્ડર નજરે પડયો હતો. ડ્રાઈવરે ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેન રોકી દીધી કન્ટ્રોલને મેસેજ કર્યો ત્યારબાદ રેલવેનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ટ્રેન ચાલકે ખુદે ગેસ સીલીન્ડરની તપાસ કરી જેમાં જોવા મળ્યુ કે આ રેલવેનું સેફટી સિલીન્ડર છે. તે ટ્રેનોને આગથી બચાવવાનું કામ કરે છે આ ઘટનાને લઈને રેલવે તંત્ર એલર્ટ થઈ ગયું છે.


હરસ, ભગંદર, ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા - પાઈલ્સ હોસ્પિટલ

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેક્ટીકલ
● સરળ ભાષામાં શિખરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી ખૂબ નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ કિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો






સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

● હરક્યુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

### રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો તૃતિય પદવીદાન સમારોહ યોજાયો

## વિશ્વવિદ્યાલયો વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર અને મનુષ્ય નિર્માણના કેન્દ્રો છે : રાજયપાલ આચાર્ય દેવવ્રતજી







જૂનાગઢ, તા.૩૦ ભારતના ઋષિ-મનીષીઓના જ્ઞાનવારસાને આજે દેશના વિવિધ વિશ્વવિદ્યાલયો આગળ ધપાવી રહ્યા છે. આ વિશ્વવિદ્યાલયો વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર અને મનુષ્ય નિર્માણના કેન્દ્રો છે. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના તૃતિય પદવીદાન સમારોહમાં દિક્ષાંત પ્રવચન આપતાં કહ્યું હતું કે, તત્વતઃ જ્ઞાન અથવા શિક્ષણ જ છે જે મનુષ્ય અને પશુ; બન્નેને અલગ પાડે છે. પ્રકૃતિએ બનાવેલા બન્ને સર્જનોમાં મનુષ્યની શ્રેષ્ઠતા જ્ઞાનના કારણે જ છે. વિશ્વવિદ્યાલયો આ જ્ઞાનસાધનાના વાહક છે. વિદ્યાર્થીઓમાં જ્ઞાનનો પ્રકાશ પાથરવાનું કામ યુનિવર્સિટીના માધ્યમ થકી થઈ રહ્યું છે.

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને સોમનાથ મંદિર પાસે આવેલ શ્રી રામમંદિર ઓડિટોરિયમમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો તૃતિય પદવીદાન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો અને અનુસ્નાતક ભવનોમાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કરનાર ૫૦,૩૨૩ વિદ્યાર્થીઓને ડિગ્રી, ૭૨ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક અને ૧૪૬ વિદ્યાર્થીઓને પીએચ.ડીની પદવી એનાયત કરવામાં આવી હતી. આ સાથે એક ડિ.લીટ. અને એક ડિ.એસસી.ની માનદ પદવી પણ એનાયત કરવામાં આવી હતી.

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ દીક્ષાંત ઉદબોધનમાં પરાપૂર્વના કર્મબંધનોની વાત કરીતાં કહ્યું હતું કે, પૃથ્વી પર જ્યારે મનુષ્યરૂપે અવતાર લીધો છે ત્યારે પરભવના ઋણ ચૂકવવાનો અવસર મળ્યો છે, તેમ માનીને ધરતી પર પર્યાવરણનું પ્રદૂષણ અટકે અને ધરતી પહેલાં હતી એવી જ બની રહે તેવું દાયિત્વ દરેક મનુષ્યએ નિભાવવું જોઈએ. કોરોનાકાળમાં-એક મહિનાના લૉકડાઉન દરમિયાન વગર પ્રયત્નોએ ગંગા-જમનાના જળ શુધ્ધ થયાં હતાં, જંગલો ફરીથી પશુપક્ષીઓથી ધબકતાં થયાં હતાં. જેનો અર્થ એ છે કે, આપણે આપણાં વિચારો, સંસ્કૃતિ અને ખાન-પાનની આદતના કારણે તેને કલુષિત કર્યા છે. યુનિવર્સિટી દ્વારા મેળવેલા જ્ઞાનના આધારે આ ગરબડને દૂર કરવાની નિતાંત આવશ્યકતા તેમણે આ પ્રસંગે વર્ણવી હતી.

રાજયપાલે ભારતીય પરંપરામાં સોળ સંસ્કારોના સિંચનની વાત કરવામાં આવી છે, તેનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, દુનિયામાં આજે જ્યારે સત્ય પર બુરાઈનું આધિપત્ય વધવા લાગ્યું છે. ભ્રષ્ટાચાર ક્યાંક ને ક્યાંક જોવા મળે છે ત્યારે આપણે મેળવેલા જ્ઞાનથી સમાજમાં ફેલાયેલી આ બદીઓને દૂર કરવાની આપણી સામૂહિક જવાબદારી છે. પહેલાંના સમયમાં અધ્યાપકોની પ્રજ્જવલિત ચિરાગ, પવિત્રતાની મૂર્તિ અને પ્રેરણા માનીને વિદ્યાની પૂજા થતી હતી, તેવા જ્ઞાનવારસાનું પુનઃસ્થાપન કરવાની આજે જરૂર છે. યુનિવર્સિટીમાંથી નીકળેલો વિદ્યાર્થી રાષ્ટ્ર માટે એક ધરોહર બને, એક પૂંજી બની રહે અને સમાજ પ્રત્યે સમર્પિત જીવન વ્યતિત કરે તે જરૂરી છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, આજે સૌના મન સંકિર્ણ થતાં જાય છે. શિક્ષણ માત્ર પૈસા કમાવવાનું માધ્યમ માનવામાં આવી રહ્યું છે. સૌ પોતાના અધિકારોની વાત કરે છે. તેવા સમયે પોતાના કર્તવ્યધર્મને નિભાવી રાષ્ટ્રનિર્માણ માટે સંકલ્પબદ્ધ થવાની શક્યતા છે.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં મોટી સંખ્યામાં દીકરીઓએ ગોલ્ડ મેડલ મેળવ્યાં હતાં, આ જોઈને રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજના બદલાયેલા પરિદ્રશ્ય પ્રત્યે આનંદ વ્યકત કર્યો હતો. તેમણે ભૂતકાળમાં વિદેશી આક્રાંતાઓના કારણે કઈ રીતે મહિલાઓનું દમન કરી શિક્ષણથી વંચિત રાખી ઘરની ચાર દિવાલોની અંદર દબાવી દેવામાં આવી હતી. તેના ઉદાહરણો સાથે ભૂતકાળ તાદ્રશ્યરૂપે રજૂ કર્યો હતો. આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી છે. ફાઈટર પ્લેન ઉડાવવા સુધીની સિદ્ધિઓ મહિલાઓએ મેળવી છે અને હવે તો નેશનલ ડિફેન્સ એકેડમીમાં પણ મહિલાઓના પ્રવેશ માટેના દ્વાર ખૂલી ગયાં છે, તેવી મોકળાશ આ દેશમા ઉભી થઈ છે. તેની પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ - ૨૦૪૭ પહેલાં ભારતને વિકસિત બનાવવા માટેના આહ્વાનને ઝીલી આજના વિદ્યાર્થીઓ સુરક્ષિત અને મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે કટિબદ્ધ થાય તેવી ખેવના પણ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કરી હતી. રાજયપાલે પરોપકાર, દયા-ભાવના અને અનુકંપાના ભાવ સાથે સમાજને આગળ વધારવા, દેશની પરંપરાને આગળ વધારવા માટે

### વિશ્વવિદ્યાલયોમાં મેળવેલું જ્ઞાન વિદ્યાર્થીઓ સમાજશ્રેયાર્થે વાપરે : શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા

ઉત્તિર્ણ થયેલા અથવા શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરેલા વિદ્યાર્થીઓ આગળ આવે તે માટે અનુરોધ કર્યો હતો. શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ આજે વિદ્યાર્થીઓ માટે ડિગ્રી પ્રાપ્ત કરવાનો ઉત્સવ છે. તેમણે અહીંયા મેળવેલું જ્ઞાન સમાજશ્રેયાર્થે વાપરે તે માટે ઉપસ્થિત વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. ભક્ત કવિ નરસિંહ મહેતા દ્વારા ગવાયેલા અને સમાજમાં શાશ્વત રૂપે આજે પણ ગવાતા 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ...' ને ધ્યાનમાં રાખીને પરપીડાને પોતાની પીડા સમજે તેવા વિદ્યાર્થીઓનું સર્જન કરવું તે આજના સમયની માંગ છે, તેમ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, જ્ઞાનની હંમેશા પૂજા થવી જોઈએ. આ માટે તેમણે નચિકેતા અને સ્વામી વિવેકાનંદના ઉદાહરણ આપીને મૂલ્યનિષ્ઠ જીવન કેવી રીતે જીવી શકાય અને વિદ્યાર્થીઓએ મેળવેલી ડિગ્રીને જ્ઞાનના પ્રકાશથી નવો રંગ કેવી રીતે ચડાવી શકાય તે વિશે વિસ્તૃત સમજણ આપી હતી. સમાજમાં સત્યનું આચરણ થાય, સામાજીક સમરસતા જળવાય તેવા કર્તવ્યનું નિર્વહન કરે તેવા તેજસ્વી-ઓજસ્વી અને હિંમતવાન વિદ્યાર્થીઓનું નિર્માણ આવી યુનિવર્સિટીઓના માધ્યમથી થઈ રહ્યું છે. તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પી. કે. લહેરીએ વિદ્યાર્થીઓને સંદેશો આપતાં જણાવ્યું હતું કે, 'નહીં માફ નીચું નિશાન'ની ઉક્તિ અનુસરીને હંમેશા ઉંચા વિચાર રાખશો અને પ્રયત્ન કરશો તો ધાર્યું લક્ષ્ય મેળવી શકશો. શિક્ષિત બની અને હંમેશા માનવીય સંવેદનાને અનુસરવી જોઈએ. આ યુનિવર્સિટી સાથે ભક્તકવિ નરસિંહ મહેતાનું નામ જોડાયેલું છે. જેમના પ્રભાતિયાથી ગામેગામની સવાર પડતી હતી. તેમનો સંસ્કાર વારસો આ નવી પેઢીમાં ઉતરવો જોઈએ. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આધ્યાત્મ અને કૃષ્ણશૃંગારની ભક્તિ કરી છે એવા નરસિંહ મહેતાનું જીવન આપણા સૌ માટે પ્રેરણારૂપ છે. શિસ્ત અને સંયમથી જ જીવનમાં સફળતા મેળવી શકાય છે. આપણે જે પ્રાપ્ત કર્યું છે તેને આગળની પેઢીને આપવું જોઈએ એવો સંદેશો તેમણે વિદ્યાર્થીઓને આપ્યો હતો.

આ તકે સ્વાગત પ્રવચન કરતાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડો.ચેતનભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, પ્રથમ જ્યોતિર્લિંગ એવા ભગવાન સોમનાથના આંગણે આ સમારોહ ઉજવાઈ રહ્યો છે, જે આપણા સૌ માટે ગર્વની વાત છે. આ સાથે જ તેમણે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા શૈક્ષણિક કાર્યોની વિગતો રજૂ કરી ગીર સોમનાથ જિલ્લાના બે મહાનુભાવોને પ્રથમવાર ડિ.લીટ અને ડી.એસસી.ની પદવી એનાયત કરવામાં આવી રહી છે તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં તૃતિય પદવીદાન સમારોહમાં ૭૨ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક અને ૧૪૬ વિદ્યાર્થીઓને પીએચ.ડીની ડિગ્રી સહિત ૫૦,૩૨૩ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં આર્ટસ વિભાગનાં ૧૯,૦૦૯, કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગનાં ૧૫,૬૪૫, એજ્યુકેશન વિભાગનાં ૪,૫૬૭, લૉ વિભાગનાં ૧,૩૧૧, રૂરલ સ્ટડીઝ વિભાગમાં ૧,૪૦૪, સાયન્સ વિભાગમાં ૭,૩૪૩, મેડીસીન વિભાગમાં ૮૬૯ અને એક્સર્નલ ૧૦ અને પીએચ.ડીનાં ૧૪૬ વિદ્યાર્થી મળીને કુલ ૫૦,૩૨૩ પદવી ધારકોને પદવી એનાયત કરવામાં આવી હતી.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આ વર્ષે બે વ્યકિતને ડી.લીટ. ની પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં તાલાળા તાલુકાના ઉમરેઠી ગામના વતની અને પ્રસિદ્ધ કથાકાર મહાદેવપ્રસાદ મહેતાને સંસ્કૃત અને સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર માટે તેમજ ઉનાના પાંચાભાઈ દમણિયાને આયુર્વેદ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન માટે ડી.એસસી.ની પદવી એનાયત કરવામાં આવી હતી. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલસચિવ ડો.ડી.એસ.સુખડિયાએ આભારવિધિ કરી હતી. આ સમારોહમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મંજૂલાબહેન મૂછાર, ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. સુકાન્તકુમાર સેનાપતિ, અગ્રણીમહેન્દ્રભાઈ પીઠિયા, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સાથે જ ૧૧ વિવિધ યુનિવર્સિટીના કુલપતિઓ, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરાની વિદ્યાર્થિનીઓ દ્વારા 'સ્વચ્છતા હી સેવા' ઝૂંબેશ અંતર્ગત લોકજાગૃતિનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો






જૂનાગઢ, તા.૩૦ સ્વચ્છ ભારત મિશનના ૧૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે શ્રી બ્રહ્માનંદજી લોક વિજ્ઞાન કેન્દ્ર-જૂનાગઢ અને જી વિભાગ-જૂનાગઢ દ્વારા "સ્વચ્છત્તા હી સેવા-૨૦૨૪" ઝૂંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઝૂંબેશ અંતર્ગત ધાર્મિક, પ્રવાસન અને જાહેર સ્થળોએ સ્વચ્છતા જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવેલ છે.

બ્રહ્માનંદજી લોક વિજ્ઞાન કેન્દ્ર-જૂનાગઢનાં ચેરમેન ગિજુભાઈ ભરાડના માર્ગદર્શન હેઠળ તા.૨૮-૦૯-૨૦૨૪ને શનિવારના રોજ એસટી બસ સ્ટેન્ડ-જૂનાગઢ ખાતે યોજાએલ "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમમાં માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરાની વિદ્યાર્થિનીઓને પણ સહભાગી બનવાનો અવસર પ્રાપ્ત થયો હતો. આ તકે શાળાની વિદ્યાર્થિનીઓએ સ્વચ્છતા અંગે જીવંત સાંસ્કૃતિક નાટકની અદ્દભુત પ્રસ્તુતિ દ્વારા ઉપસ્થિત જનસમુદાયને જાગૃત કરવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બ્રહ્માનંદજી લોક વિજ્ઞાન કેન્દ્ર-જૂનાગઢનાં કો-ઓર્ડિનેટર પ્રતાપસિંહ ઓરા, આ શાળાના આચાર્ય જયશ્રીબેન રંગોલિયા, શિક્ષકો નયનાબા મોરી, ઈલાબેન બાલસ, અને હેમાલીબેન સોલંકી સહિત એસટી વિભાગના અધિકારીઓ દ્વારા સહભાગી બનેલ વિદ્યાર્થિનીઓને પુરસ્કાર અને પ્રમાણપત્રાથી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. શાળાની દીકરીઓની આવી લોકજાગૃતિની પ્રવૃતિ બદલ સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા, સહિતના ટ્રસ્ટીઓ, વિદ્યાગુરૂશ્રીઓ અને શાળા પરિવારે હર્ષની લાગણી સાથે અભિનંદન પાઠવ્યા હતાં.

# જૂનાગઢમાં સ્વર્ગસ્થ ડો.મિલાપસિંહ પઢીયારની તૃતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો




જૂનાગઢ, તા.૩૦ જૂનાગઢમાં શનિવારે ગાયત્રી મંદિર ખાતે સ્વર્ગસ્થ ડો મિલાપસિંહ યોગેન્દ્રસિંહ પઢીયારની તૃતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે યોગીભાઈ પઢીયાર પરિવાર જૂનાગઢના સહયોગ દ્વારા નેત્રયજ્ઞ અને અન્ય પ્રકારના રોગોનો સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આયુર્વેદિક તેમજ હોમિયોપેથી દવાના નિષ્ણાંત ડોક્ટરો દ્વારા ચિકિત્સા કરવામાં આવી હતી નેત્ર યજ્ઞના ઓપરેશન માટે ૧૫ લોકો અને અન્ય આંખના રોગો માટેના ૨૪ દર્દીઓને તપાસી વીરનગર શિવાનંદ હોસ્પિટલ ખાતે તમામ લોકોના મોતિયા અને જામરનું ઓપરેશન કરવામાં આવશે હાર્ટ અને ડાયાબિટીસના ૯૫ દર્દીઓ ડો.જગદીશભાઈ મહેતા, ડો. પાર્થભાઈ ગણાત્રા, ડો. હેતલબેન વાઘેલા, ડો. પણવભાઈ ત્રિવેદી,ડો. શૈલેષભાઈ પંડયા દ્વારા તપાસવામાં આવેલ તેમજ આયુર્વેદિક તેમજ તેમના સ્ટાફ દ્વારા ૧૩૦થી વધુ દર્દીઓને તપાસ કરી દવા આપેલ તેમ જ હોમિયોપેથીક ડોકટર પંડ્યા સાહેબ દ્વારા ૪૯ થી વધુ દર્દીઓને તપાસેલ અને પંચકર્મા આયુર્વેદના વૈદ્ય શિવકુષણ શાસ્ત્રી, ડો.પ્રતિક્ષા બેન મોરી, ડો. મયુર વિરડીયાદ્વારા પણ લોકોને પંચકર્મો વિશે માહિતી આપી દવા આપેલ આ કાર્યક્રમ ક્રમે જૂનાગઢના લોકલાડીલા ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તેમજ ભાજપા ઉપાધ્યક્ષ અશોકભાઈ ભટ્ટ અને પ્રફુલ્લભાઈ ત્રિવેદી, મનોજભાઈ ભીખાભાઈ જોષી , ઉમેદસિંહ રાઠોડ, જીતુભાઈ દાદ, શ્રેયાંશભાઈ ઠાકર, સત્યમ સેવા યુવક મંડળના મનસુખભાઈ વાજા એ વિશેષ હાજરી આપી હતી. આ કેમ્પ ને સફળ બનાવવા ગાયત્રી શકિતપીઠના મેનેજિંગ ટ્રસ્ટી નાગબાપુ વાળા અન્ય ટ્રસ્ટીઓ, કર્મચારીઓ, સેવાભાવી લોકો તેમજ પઢિયાર પરિવારના મહેન્દ્રસિંહ પઢિયાર, યોગેન્દ્રસિંહ પઢિયાર, નરેન્દ્રસિંહ પઢિયાર અને જયસિંહ પઢિયારે જહેમત ઉઠાવી હતી.

# મૃત્યુ તિથિ ન જાણતા હો તો તેમનું શ્રાધ્ધ આ રીતે પણ કરી શકાય

પિતૃ યજ્ઞ એટલે કે શ્રાધ્ધ મૃત્યુ પામેલ લોકોની તિથિ અનુસાર કરવાનો સામાન્ય નિયમ છે. પરંતુ જો આપણે તે મૃતક સ્વજનની તિથિની જાણ ન હોય તેવા સંજોગોમાં પણ શ્રાધ્ધ કરી શકાય છે. જે શ્રધ્ધા અને વિશ્વાસની સાથે કરી શકાય છે.

અવિવાહિત વ્યક્તિનું મૃત્યુ થયું હોય અને તેની મૃત્યુ તિથિની જાણ ન હોય તેવા સંજોગોમાં પંચમીનું શ્રાધ્ધ(પાંચમનું શ્રાધ્ધ)ના દિવસે કરી શકાય. સૌભાગ્ય વતી નારી (પતિ પહેલાં મૃત્યુ પામેલી મહિલા) મૃત્યુ પામેલી હોય અને તેની તિથિની જાણ ને હોય તેવા સંજોગોમાં નોમના દિવસે તેનું શ્રાધ્ધ કરી શકાય. પરીવારની તમામ મૃત્યુ પામેલ સ્ત્રીઓને ઉદ્દેશીને શ્રાધ્ધ કરી શકાય છે. જો કોઈ પરીવારનું કોઈ સ્વજન સન્યાની થઈ ગયું હોય અને તેના નિમિત્તે શ્રાધ્ધ કરવું હોય તો તે શ્રાધ્ધ એકાદશીના દિવસે કરી શકાય.

જ્યારે પરીવારના મૃત બાળકોનું શ્રાધ્ધ તેરસના દિવસે કરી શકાય. જ્યારે ચૌદશના દિવસે જેનું મૃત્યુ શસ્ત્ર-અસ્ત્રથી થયું હોય, કોઈએ આત્મહત્યા કરી હોય, કોઈ દુર્ઘટનામાં મૃત્યુ થયું હોય તેનું શ્રાધ્ધ કરી કરી શકાય.

જ્યારે ભાદરવા વદ અમાસના દિવસે કે જેને સર્વ પિતૃ અમાસ તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે કોઈપણ વ્યક્તિનું ચૌદશ-પુનમ કે અમાસના મૃત્યુ થયેલ હોય તેનું શ્રાધ્ધ કરી શકાય. તદ્?ઉપરાંત કોઈ પણ સંજોગોમાં અન્ય તિથિમાં શ્રાધ્ધ કરવાનું ભુલાઈ ગયું હોય, તિથિની જાણ ન હોય, તિથિની જાણ હોય પરંતુ તે દિવસે શ્રાધ્ધ થઈ શક્યું ન હોય તેનું શ્રાધ્ધ કરી શકાય. નવરાત્રીના પ્રથમ દિવસે માતામહ શ્રાધ્ધ કરવાનું વિધાન છે. જેમાં મોસાળ પક્ષના કોઈ પણ વ્યક્તિ મૃત્યુ પામ્યા હોય અને તેનું શ્રાધ્ધ કરનાર કોઈ ન હોય તેવા સંજોગોમાં તેમને ઉદ્દેશીને શ્રાધ્ધ કરી શકાય.

**-દેવેન કનકચંદ્ર વ્યાસ**

# શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા નવરાત્રી મહોત્સવનું આયોજન

જૂનાગઢ, તા.૩૦ શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ - શ્યામ યુવા સંગઠન આયોજિત નવરાત્રી મહોત્સવ - ૨૦૨૪ની તડામાર તૈયારી જુનાગઢ શહેરમાં દર વર્ષની માફક આ વર્ષે પણ ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ - શ્યામ યુવા સંગઠન દ્વારા બાયપાસ રોડ ઉપર ક્રિષ્ના પાર્ટી પ્લોટમાં ગરબાનું આયોજન તા.૩/૧૦/૨૦૨૪ થી તા. ૧૨/૧૦/૨૦૨૪ સુધી કરવામાં આવ્યું છે. આ આયોજન કડિયા સમાજ - જૂનાગઢના પ્રમુખ અને શ્યામ યુવા સંગઠનના સ્થાપક વિવેકભાઈ ધીરૂભાઈ ગોહેલની આગેવાનીમાં તેમજ શ્યામ યુવા સંગઠનના પ્રમુખ મોહિતભાઈ ટાંક તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

આ આયોજન દર વર્ષની જેમ સાંજના ૮ થી રાતના ૧૨ વાગ્યા સુધી ખેલૈયા ગરબી ખેલશે તેમજ ખેલૈયાઓને દરરોજ ઈનામો આપવામાં આવશે. આ કાર્યક્રમમાં સિંગર તરીકે રિદ્ધિબેન પંડ્યા, જયદીપદાન ગઢવી, દીપકભાઈ કટારીયા તેમજ ઓરકેસ્ટ્રામાં સાગરભાઈ જેઠવાની ટીમ દ્વારા ખેલૈયાઓને મનોરંજન પૂરૂ પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં ૧૨૦૦ થી ૧૫૦૦ ખેલૈયા રમી શકે તેમજ ૨૫૦૦ માણસો બેસી શકે તેવી ગ્રાઉન્ડની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આ ગરબા ના આયોજનમાં સરકારશ્રીની ગાઈડલાઈન પ્રમાણે ફાયર સેફ્ટી, સીસીટીવી કેમેરા, સિક્યુરિટી ગાર્ડની વ્યવસ્થા કરવામાં આવેલ છે તેમજ જૂનાગઢના નામાંકિત હસ્તીઓ આ કાર્યક્રમમાં હાજરી આપશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ વિવેકભાઈ ગોહેલ, મોહિતભાઈ ટાંક, વરૂણભાઈ ચાવડા, રૂશાંતભાઈ ચોટલીયા, હાર્દિકભાઈ ખેતાણી, દીપભાઈ વાઘેલા, સંજયભાઈ ચાવડા, અશોકભાઈ મારુ તથા ભાર્ગવભાઈ મારું એ જહેમત ઉઠાવી છે. તો ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના પરિવારોને ગરબા માટે લાભ લેવા ની વિનંતી પ્રમુખની એક અખબાર યાદીમાં જણાવવામાં આવે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# યુપીઆઈની વધતી વૈશ્વિક માન્યતા

લગભગ એક દાયકા પહેલાં સુધી આમ આદમી માટે એ કલ્પના પણ નહોતી કરી શકાતી કે આપણો મોબાઈલ જ આપણું પર્સ કે વોલેટ બની જશે. પરંતુ વર્ષ ૨૦૧૬માં યુપીઆઈ એટલે કે 'યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ'ના લોન્ચિંગે તેને સંભવ કરી દેખાડ્યું. એમ તો ૨૦૧૬માં થયેલ નોટબંધીને કેટલાય મામલે નકારાત્મક અસર માટે પણ યાદ કરવામાં આવે છે. પરંતુ કમ સે કમ 'યુપીઆઈ' માટે તો એમ જ કહી શકાય કે આ પગલું એક રીતે વરદાન બની ગયું. હવે એક રૂપિયાથી માંડીને હજારો રૂપિયાના પેમેન્ટમાં યુપીઆઈનો ઉપયોગ ભરપૂર કરાવા લાગ્યો છે. ડિજિટલ લેવડદેવડના આંકડામાં ભારત ૧૧૭.૬ અબજ ટ્રાન્ઝેક્શન સાથે દુનિયાનો નંબર વન દેશ બની ચૂક્યો છે. ૨૦૨૧માં યુપીઆઈ પહેલી વાર દેશની સીમાઓ પાર કરીને ભૂટાન ગયું. આ દરમ્યાન એક સારી વાત એ થઈ કે તેનો ઉપયોગ ભારતથી આગળ વધીને અન્ય કેટલાય દેશોમાં થવા લાગ્યો છે. ભૂટાન, નેપાળ, સિંગાપોર, યુએઈ, મોરેશિયસ, ફ્રાન્સ અને શ્રીલંકામાં પણ યુપીઆઈને ચૂકવણીની એક પ્રણાલી રૂપે માન્યતા મળી ચૂકી છે. હજુ હાલમાં જ માલદીવે પણ તેની સાથે જોડાવાની ઘોષણા કરી છે.

યુપીઆઈની સફળતાના ચાર મુખ્ય કારણો ગણાવાય છે. તેમાં પહેલું છે સ્માર્ટફોન યુઝર્સની સંખ્યા છેલ્લા આઠ વર્ષમાં આપણા દેશમાં બેગણાથી વધારે વધી ગઈ છે. હાલમાં આ સંખ્યા ૬૦ કરોડનો આંકડો પાર કરી ચૂકી છે. યુપીઆઈની સફળતાનું એક મુખ્ય કારણ ભારતમાં સસ્તા અને આસાનીથી મળનારા સ્માર્ટફોન છે. ૨૦૧૬માં આપણા દેશમાં ડિજિટલ ટેકનિક અને મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ આમ આદમીની પહોંચમાં આવી ચૂકી હતી. એ સમયે સ્માર્ટફોનની સંખ્યા ૩૦ કરોડની આસપાસ હતી, જે હવે ૬૦ કરોડથી વધારે થઈ ગઈ છે. તેની સીધી અસર યુપીઆઈની પ્રગતિ પર પડી છે.

બીજું કારણ, આપણા દેશમાં વિશ્વના અન્ય દેશોની તુલનામાં ઈન્ટરનેટ સસ્તું હોવું પણ જરૂરી છે. ઈન્ટરનેટ ઉપલબ્ધકરાવનારી મુખ્ય કંપનીઓએ ૨૦૧૬થી ઝડપી ગતિની ઈન્ટરનેટ સેવા આફી અને તે પણ બેહદ સસ્તા ભાવે. પહેલાં એક જીબી ડેટા માટે લગભગ ૨૨૫ રૂપિયા ખર્ચ કરવા પડતા હતા. ધીમે ધીમે તે સસ્તો થવા લાગ્યો અને હાલમાં મોબાઈલ ઈન્ટરનેટ ડેટાની કિંમત ફક્ત દસ કે વીસ રૂપિયા પ્રતિ જીબી થઈ ગઈ છે. ૨૦૧૫ સુધી દરેક ભારતીય મહિનામાં સરેરાશ ૭૦૦ એમબી ડેટા ઉપયોગ થતો હતો. પરંતુ ૨૦૨૩ સુધી તે વધીને સરેરાશ ૨૧.૪ જીબી પ્રતિ મહિનો થઈ ગયો. તેનો સીધો ફાયદો યુપીઆઈને થયો. જ્યાં ઓગસ્ટ ૨૦૧૬માં યુપીઆઈ દ્વારા માત્ર ૯૩ હજાર પેમેન્ટ થયા હતા, ત્યાં જ૨૦૨૩માં ૧૧,૭૬૫ કરોડથી વધારે પેમેન્ટ થયાં.

ત્રીજું કારણ, દેશમાં સ્ટાર્ટઅપની સંખ્યા વધી તે પણ રહ્યું. ૨૦૧૬માં યુપીઆઈ શરૂ થયા બાદથી ભારતમાં ૫૦થી પણ વધુ યુપીઆઈ એપ્સ આવી ગઈ. તેનાથી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ વધુ મજબૂત થઈ. ડિજિટલ પેમેન્ટની સ્થિતિ હવે એવી થઈ ગઈ છે કે નાનામાં નાના દુકાનદારો, ત્યાં સુધી કે રેંકડી-લારી વાળા, ફળ-શાકભાજીવાળા, રિક્ષાવાળા વગેરે પણ યુપીઆઈથી રકમ પ્રાપ્ત કરવાની વ્યવસ્થા રાખે છે.

ચોથા કારણ રૂપે ૨૦૧૬માં થયેલ નોટબંધીને પણ સામેલ કરી શકાય. નોટબંધી સંદર્ભમાં ભલે કેટલાય એવા તર્ક આપવામાં આવે કે તે સંપૂર્ણ નિષ્ફળ રહી, પરંતુ એટલું તો નક્કી છે કે તેણે દેશમાં ડિજિટલ પેમેન્ટને વ્યાપક રૂપે પ્રોત્સાહિત કર્યા. પહેલાં તો મજબૂરીમાં લોકો ડિજિટલ પેમેન્ટ સાથે જોડાયા અને પછી ધીમે ધીમે આદતમાં સામેલ થઈ ગયું. તેનાથી યુપીઆઈ દ્વારા થનારી ચૂકવણીની સંખ્યા અને માત્રામાં નિરંતર વૃદ્ધિ થતી રહી.

ભારતથી દરેક વર્ષે લગભગ ૨૫ લાખ લોકો વિદેશફરવા જાય છે. એવામાં યુપીઆઈની આસાન અને જાણીતી રીત વિદેશમાં પણ કામ આવી રહી છે. જે સાત દેશોમાં યુપીઆઈનું ચલણ શરૂ થઈ ગયું છે ત્યાં તો પર્યટકોને યુપીઆઈથી પેમેન્ટ કરવામાં આસાની થઈ રહી છે. ભારતથી બહાર રહેનારા ભારતીય પોતાના વિદેશી મોબાઈલ નંબરને ભારતીય બેંક ખાતાં (એનઆરઆઈ/એનઆરઓ) સાથે જોડીને યુપીઆઈથી પેમેન્ટ કરી શકે છે. સાથે જ વિદેશી લોકો પણ ભારત આવતાં 'યુપીઆઈ વન વર્લ્ડ એપ'થી યુપીઆઈનો ઉપયોગ કરી શકે છે.

૨૦૨૫ના અંત સુધી યુપીઆઈ વૈશ્વિક સ્તર પર સૌથી મહત્ત્વપૂર્ણ ચૂકવણી સ્વિચ બનાવવા માટે તૈયાર છે, જેનું અનુમાનિત વાર્ષિક વોલ્યૂમ લગભગ ૨૬૪ અબજ લેવડદેવડ હશે. આ ચોંકાવનારો આંકડો માસ્ટરકાર્ડ અને વિઝાના લેવડદેવડની માત્રાને પણ પાર કરી જશે, જે વૈશ્વિક ચૂકવણી પરિદૃશ્યમાં એક મહત્ત્વપૂર્ણ બદલાવને દર્શાવે છે. વસ્તુતઃ યુપીઆઈ લેવડદેવડની વૃદ્ધિ અભૂતપૂર્વ રહી છે. એકલા ૨૦૨૩માં આ લેવડદેવડ ૨૦૨૨ની તુલનામાં ૮૧ ટકાની આશ્ચર્યજનક વૃદ્ધિ સાથે ૧૧૭.૬ અબજ લેવડદેવડ સુધી પહોંચી ગઈ. મજબૂત બુનિયાદી માળખું, વાસ્તવિક સમય પ્રસંસ્કરણ ક્ષમતાઓ અને સંબંધિત બેંકો અને ફિનટેક કંપનીઓના વ્યાપક નેટવર્કે યુપીઆઈ અંતર્ગત લેવડદેવડની વધતી સંખ્યાને કુશળતાપૂર્વક સંભાળવામાં સક્ષમ બનાવ્યું છે.

યુપીઆઈએ કેટલાય પડકારોનો સામનો પણ કરવો પડી રહ્યો છે, જેમાં લેવડદેવડની સુરક્ષા અને ગોપનીયતા સુનિશ્ચિત કરવી, વધતી લેવડદેવડની માત્રાનું પ્રબંધન કરવું અને સિસ્ટમની વિશ્વસનીયતા જાળવી રાખવી સામેલ છે. તેમ છતાં વૈશ્વિક ચૂકવણીનું પરિદૃશ્ય નિઃસંદેહ નવું રૂપ લેશે, જેમાં યુપીઆઈ એક મહત્ત્વપૂર્ણ શક્તિ રૂપે ઉભરશે. નવાચાર અને પ્રતિસ્પર્ધાથી પ્રેરિત આ ચૂકવણી પ્રણાલીનું ભવિષ્ય રોમાંચક દેખાઈ રહ્યું છે.

# દીવ કલેક્ટર શ્રીમતી ભાનુ પ્રભાને વિદાય આપવામાં આવી




(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૩૦

દીવ જિલ્લા કલેક્ટર શ્રીમતી ભાનુ પ્રભાને કલેક્ટર કચેરીના ઓડિટોરિયમમાં દીવ વહીવટીતંત્ર વતી હાર્દિક વિદાય આપવામાં આવી હતી. નોંધનીય છે કે, કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ અને દીવ પ્રશાસન દ્વારા બહાર પાડવામાં આવેલા રાહત આદેશના પ્રકાશમાં, ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા ટ્રાન્સફર ઓર્ડરના અનુસંધાનમાં, દીવ કલેક્ટર શ્રીમતી ભાનુ પ્રભાની બદલી દિલ્હી કરવામાં આવી છે.

આ પ્રસંગે દીવ પ્રશાસનના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓએ શ્રીમતી ભાનુ પ્રભાએ તેમના છેલ્લા ૧૩ મહિનાના કાર્યકાળ દરમિયાન દીવમાં કરેલી કામગીરી અને તેમની કાર્યશૈલીની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે શ્રીમતી ભાનુ પ્રભા એક નમ્ર અને વફાદાર અધિકારી તરીકે કામ કરી રહ્યા હતા નાગરિકોના પ્રશ્નો, તેમણે તેમની કાર્યક્ષમ કાર્યશૈલીથી તમામ સમસ્યાઓનું નિરાકરણ કર્યું અને માનનીય પ્રશાસક પ્રફુલ્લ પટેલના માર્ગદર્શન હેઠળ તેઓ દીવને પ્રગતિના પંથે લઈ ગયા અને તેમના કાર્યકાળ દરમિયાન અનેક મહત્વના પ્રોજેક્ટો આગળ ધપાવ્યા. વિદાય સમારંભની શરૂઆતમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દીવ, ડૉ. વિવેક કુમારે દીવ કલેક્ટર શ્રીમતી ભાનુ પ્રભા સાથે તેમના કામનો અનુભવ શેર કર્યો અને તેમની પ્રતિબદ્ધતા અને નિશ્ચયની પ્રશંસા કરી. આ પછી નાયબ કલેક્ટર શ્રી શિવમ મિશ્રાએ દીવ કલેક્ટર શ્રીમતી ભાનુ પ્રભાના નેતૃત્વમાં થયેલી કામગીરીને યાદ કરતાં પોતાના અનુભવો શેર કર્યા હતા. નાયબ કલેક્ટર શ્રી શિવમ મિશ્રાએ દીવ કલેક્ટર શ્રીમતી ભાનુ પ્રભાની કાર્યશૈલીની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, કલેક્ટર મેડમ પાસેથી તેમને ઘણું શીખવાની તક મળી છે. મામલતદાર શ્રી ધર્મેશ દમણિયા, આરોગ્ય અધિકારી શ્રી અજય શર્મા, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી આર.કે.સિંઘ, રાજ્ય માહિતી અધિકારી શ્રી જયેશ ધંડુકિયા, શિક્ષણાધિકારી શ્રી પીયુષ મારૂ વગેરે અધિકારીઓએ દીવ કલેક્ટર શ્રીમતી ની કાર્યશૈલી અને અસરકારક નેતૃત્વ ક્ષમતાની પ્રશંસા કરી હતી. ભાનુ પ્રભાએ તેમની સાથે કામના અનુભવોની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું હતુ કે, વિવિધ મહત્વના કામો દરમિયાન કલેક્ટરે તેમના પર પૂર્ણ વિશ્વાસ રાખ્યો હતો અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. બાલ ભવનના નિયામક પદ્મશ્રી શ્રી પ્રેમજીત બારિયાએ કલેક્ટરની નમ્રતા અને સાદગીની પ્રશંસા કરી હતી અને તેમને તેમની શુભેચ્છાઓ અને સ્મૃતિચિહ્ન તરીકે એક ચિત્ર આપ્યું હતું. વિદાયની આ લાગણીસભર ક્ષણમાં ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાના અનુભવો શેર કર્યા હતા અને કલેક્ટરને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી અને તેમની સાથે વિતાવેલી ક્ષણો અવિસ્મરણીય રહેશે તેમ જણાવ્યું હતું. આ વિદાય પ્રસંગે કલેક્ટર મેડમે દીવના વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓ સાથે પોતાનો અનુભવ શેર કર્યો હતો અને જણાવ્યું હતું કે દીવ તેમના માટે વિશેષ સ્થાન તરીકે તેમની યાદમાં રહેશે. તેમણે કહ્યું કે અહીંના અધિકારીઓ ટીમવર્કમાં વિશ્વાસ રાખીને કામ કરે છે અને તેના કારણે તમામ કામ સફળતાપૂર્વક પૂર્ણ થાય છે.

કલેક્ટર મેડમે ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો સહકાર અને પ્રેમ બદલ આભાર માન્યો હતો. વિદાય સમારંભના અંતે અધિકારીઓ અને કર્મચારીઓએ વિદાય લેનાર કલેક્ટર શ્રીમતી ભાનુ પ્રભાને સ્મૃતિચિહ્ન, શાલ, ભેટ અને પુષ્પ ગુચ્છ અર્પણ કરીને ભાવુક વિદાય આપી હતી.

# ખંભાળિયાના યોગ કેન્દ્ર ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

## કેબિનેટ મંત્રી મુળુ બેરા દ્વારા કાર્યક્રમનો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયા નગરપાલિકા સંચાલિત યોગ કેન્દ્ર ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેનો પ્રારંભ કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રી મુળુભાઈએ જણાવ્યુ હતું કે, રાજ્ય સરકાર દ્વારા સેવા પખવાડીયાની ઉજવણી કરવામાં આવી રહી છે. આગામી તા. ૩૧ ઓક્ટોબર સુધી સેવા સેતુ, સ્વચ્છતા હિ સેવા અને એક પેડ મા કે નામ કાર્યક્રમ ચાલી રહ્યા છે. જે અંતર્ગત ગુરૂવારે નગરપાલિકા યોગ કેન્દ્ર, ખંભાળિયા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ સેવા સેતુ કાર્યક્રમના ૧૦ માં તબક્કા અંતર્ગત તાલુકા દીઠ ૩ અને નગરપાલિકા-મહાનગરપાલિકા દીઠ ૨ સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. રાજ્ય સરકારના ૧૩ જેટલા વિભાગની ૫૫ જેટલી જન કલ્યાણલક્ષી સેવા-સુવિધા સેવા સેતુમાં નાગરિકોને સ્થળ પર પૂરી પાડવાનો ઉદ્દેશ્ય છે. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોની અરજીઓનો સ્થળ ઉપર જ હકારાત્મક રીતે ઉકેલ આવી રહ્યો છે. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. આ ઉપરાંત સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત લોકોને આ અભિયાનમાં છોડાવવા માટે આહવાન કર્યું હતું. સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળીશું તો જ આવનારી પેઢીને શુદ્ધ પર્યાવરણ આપી શકીશું. કોરોના કાળ બાદ આપણને ઓક્સિજનનું મહત્વ સમજાયું છે. ત્યારે આપણા સ્વજનોના નામે એક વૃક્ષનું વાવેતર કરી તેનું જતન કરી એક પેડ માં કે નામ અભિયાનમાં ભાગીદાર બનીએ. આ તકે નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણીએ પણ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. આ કાર્યક્રમમાં રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. સાથે નગરપાલિકા ગાર્ડનમાં એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં પ્રાંત અધિકારી કે.કે. કરમટા, નગરપાલિકા કારોબારી ચેરમેન રેખાબેન ખેતીયા, નગરપાલિકાના સભ્યો, પી.એમ. ગઢવી, અનિલભાઈ તન્ના, ભરતભાઈ ચાવડા, પિયુષભાઈ, નિમીષાબેન નકુમ, ગીતાબા જાડેજા, ઈન્દ્રજીતસિંહ પરમાર, ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ભાણવડમાં વાહનોની હરાજીમાં રૂા.નવ લાખ જેટલી રકમ મળી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ભાણવડ તાલુકામાં વિવિધ ગુનાઓમાં પોલીસ દ્વારા કબજે લેવામાં આવેલા ૧૧૧ વાહનોની હરાજી મુકરર કરવામાં આવી હતી. જેમાં કુલ રૂપિયા ૮,૯૦,૯૦૦ ની રકમ (જીએસટી સહિત) ઉપજવા પામી હતી. જે સરકારમાં જમા કરાવાઈ હતી.

# ચેક બાઉસના કેસમાં આરોપીને નિર્દોષ જાહેર કરતો ચુકાદો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

માળીયાના નામદાર જ્યુડીશયલ મેજી. ફર્સ્ટક્લાસની અદાલતમાં ફોજદારી કેસ નં.૪૩૦/૨૦૨૨માં આરોપીને નિર્દોષ જાહેર કરતો હુકમ ફરમાવવામાં આવેલ છે. આ અંગેની મળતી વિગત અનુસાર કેસમાં ફરિયાદીના એડવોકેટ પંકજ આર. રૂપાપરા તથા એડવોકેટ અમિત સી. ડોબરીયા તથા એડવોકેટ કૃણાલ એ. મેઘનાથીનાઓએ ચેક બાઉંસના કેસમાં આરોપી તરફે આરોપીનો બચાવ, સચોટ પુરાવાઓ અને નામદાર સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના જજમેંટોના આધારે ધારદાર દલીલો કરી આરોપીને ચેક બાઉંસના કેસમાં નિર્દોષ જાહેર કરાવ્યા છે.

નામદાર માળીયા કોર્ટના જ્યુડીશયલ મેજી. ફર્સ્ટક્લાસ સાહેબે સમગ્ર કેસને પોતાની વિવેક બુધ્ધિથી તપાસી ફરિયાદી અને આરોપી તરફે રજુ થયેલા દસ્તાવેજો ને ધ્યાને રાખી આ ચુકાદો જાહેર કરેલ છે. આરોપી જૂનાગઢમાં વેસ્ટર્ન પ્રોટીન્સના પ્રોપરાઈટર દરજ્જે ચેક આપ્યાની માળીયાના ગોકુલ ટ્રેડર્સના પ્રોપરાઈટરની આ ફરિયાદ હતી. જે ફરિયાદમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ ૧૩૮ના ગુના સબબ આરોપીને તક્ષિરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિઃશંક પણે પુરવાર થયેલ ન હોય જેથી આરોપીને સી.આર.પી.સી. કલમ ૨૫૫ મુજબ નિર્દોષ છોડી મુકવાનો નામદાર કોર્ટે હુકમ ફરમાવેલ છે.

# ખંભાળિયામાં પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ : વાહનચાલકો સામે કાર્યવાહી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

આગામી દિવસોમાં નવરાત્રી સહિતના તહેવારો આવતા હોય, જેને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં ટ્રાફિક પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી. આગામી તહેવારોને ધ્યાનમાં લઈને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ટ્રાફિક પી.એસ.આઈ. વી.એમ. સોલંકી તેમજ તેમની ટીમ દ્વારા ગુરૂવારે ખંભાળિયાના નગર ગેઈટ, જોધપુર ગેઈટ, ચાર રસ્તા, સહિતના જુદા જુદા વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આટલું જ નહીં, ટ્રાફિકથી ધમધમતા માર્ગો ઉપર નડતરરૂપ વાહન ચાલકો, રેંકડી ધારકો અને પાથરણાવાળાઓ સામે કાર્યવાહી પણ કરવામાં આવી હતી. આ સાથે ટ્રાફિક પોલીસ દ્વારા નગરજનોને ટ્રાફિક જાગૃતિ અંગેની પત્રિકાનું વિતરણ કરી, ટ્રાફિક નિયમોનું પાલન કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જ્યારે જ્યારે જે થવાનું છે ત્યારે ત્યારે તે થયા જ કરે છે.

- ભગવાનશ્રી

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા વદ-૧૩ તેરસનું શ્રાધ્ધ, શિવરાત્રી તા.૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૨૬, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, શુભ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૪૩, સૂ.અ.૬:૩૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૩૦-૦૯-૨૦૨૪ થી ૦૬-૧૦-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

### મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ

પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઈ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

### વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર

મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો.

### મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ

આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઈ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

### કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર

આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

### સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય

આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

### કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ

વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય.

### તુલા : ર.ત. સ્વામિ - શુક્ર

સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં.

### વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ

આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઈ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

### ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ

આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

### મકર : ખ.જ. સ્વામિ - શની

આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સાંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ

### કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની

આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

### મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ

કાર્યની અધિક્તાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઈ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ રહે. સાહસિક કાર્યમાં સફળતા મળે.

# રાજ્યમાં પોલીસ તંત્રમાં ૧.૨૪ લાખ જગ્યાઓ ખાલી, ૩૩,૩૮૫ જગ્યાઓ ઉપર બે વર્ષમાં ભરતી થશે : સરકારની હાઈકોર્ટમાં રજૂઆત




અમદાવાદ, તા.૩૦ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટને ખાતરી આપવામાં આવી હતી કે રાજ્યના પોલીસ વિભાગમાં ૩૧ જુલાઈ, ૨૦૨૪ની સ્થિતીએ કુલ મળીને ૧,૨૮,૪૪૮ જગ્યાઓ ખાલી છે અને તે આગામી સમયગાળામાં ભરતી પ્રક્રિયા દ્વારા ભરી દેવામાં આવે. સરકાર દ્વારા દસ વર્ષના ભરતી પ્લાનનું આયોજન કરવામાં આવ્યું છે. તે પૈકી ૩૩૩૮૫ જગ્યાઓ પૈકી ૨૫૬૬૦ જગ્યાઓ સીધી ભરતી દ્વારા જયારે ૭૭૨૫ જગ્યાઓ ડિસેમ્બર મહિના સુધીમાં બઢતીના માધ્યમથી ભરી દેવામાં આવશે. બીજી બાજુ હાઈકોર્ટ દ્વારા આ બાબતે રાજ્ય સરકારને આદેશો આપવામાં આવ્યા હતા તે આ મુજબ છે. એક તો રાજ્ય સરકારે પોલીસ ભરતી બોર્ડની યોગ્ય રચના એક સપ્તાહની અંદર કરવાની રહેશે, પોલીસ ભરતીના નિયમોમાં સુધારાની પ્રક્રિયા તાત્કાલિક ધોરણે કરવાની રહેશે. પોલીસ ભરતી બાબતનું વાર્ષિક કેલેન્ડર બનાવવાનું રહેશે. હાલની જે જગ્યાઓ ખાલી છે તે ભરતી માટેની ટાઈમલાઈન અને તેની પ્રક્રિયાની માહિતી આપવાની રહેશે. વધુમાં રાજ્યમાં પોલીસ માટે માત્ર ચાર તાલિમ શાળાઓ છે અને તે પૂરતી ના હોય તો તેના અપગ્રેડ કે નવી તૈયાર કરવા બાબતે શું આયોજન છે તેની માહિતી ગૃહ વિભાગના સચિવ પાસેથી માગવામાં આવી છે. આ કેસની વિગતો મુજબ સુપ્રીમ કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો કે દરેક રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતીની જાળવણી માટે પુરતો પોલીસ ફોર્સ હોવો જોઈએ. આ બાબતે દરેક રાજ્યની હાઈકોર્ટને ઘટતી કાર્યવાહી કરવા અથવા તો સરકાર સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી કરવાનો આદેશ હતો. તેના અનુસંધાને હાઈકોર્ટમાં આ મેટર સુઓમોટો લેવામાં આવી છે. તેમાં અગાઉ ચીફ જસ્ટીસની ખંડપીઠ દ્વારા ભરતીની સંખ્યા, પોલીસ ભરતી બોર્ડ, ભરતી નિયમો સહિતની વિગતો માંગવામાં આવી હતી. તે સરકારી વકીલ દ્વારા એફિડેવીટના માધ્યમથી રજૂ કરવામાં આવી હતી. સરકાર દ્વારા કરાયેલી રજૂઆત મુજબ રાજ્યના પોલીસ દળમાં તમામ કેડરમાં ૩૧ જુલાઈની સ્થિતીએ ૧૨૮૪૪૮ જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ આગામી બે વર્ષમાં ડાયરેકટ, સેમી ડાયરેકટ અથવા પ્રમોશનના માધ્યમથી ભરવામાં આવશે. તે કાર્યવાહી બે વર્ષની અંદર એટલે કે સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ બાબતે રાજ્ય સરકાર દ્વારા દસ વર્ષનું આયોજન કરવામાં આવ્યું છે. કુલ ૩૩૩૮૫ જગ્યાઓ છે તે પૈકી ૨૫૬૬૦ સીધી ભરતીથી અને ૭૭૨૫ પ્રમોશનથી ભરવામાં આવશે. કુલ ૩૩૩૮૫ જગ્યાઓ પૈકી ૧૧૩૭૭ જેટલી જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડવામાં આવી છે અને તે સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી એટલે કે એક વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે જયારે બાકીની ૧૪૨૩૮ જગ્યાઓ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં ભરવામાં આવશે. આ કેસની સુનાવણી દરમ્યાન ચીફ જસ્ટીસ દ્વારા સરકારી વકીલને ટકોર કરાઈ હતી કે ખાલી આંકડાઓ નહી પરંતુ તમે શું પ્રક્રિયા કરવાનો છો અને કેટલા સમયમાં કરવાના છો તેની સમયમર્યાદા આપવાની રહેશે. નહિ તો જગ્યાઓ વધતી રહેશે અને ઠેરની ઠેર સ્થિતી રહેશે. આ જવાબદારી તમારી છે અને તમારે જ પૂર્ણ કરવાની છે. આ સુનાવણી સુપ્રીમ કોર્ટના આદેશથી થઈ રહી છે અને અત્યાર સુધી અમે ધિરજ રાખી છે નહી તો રાજ્ય સરકાર સામે અદાલતના તિરસ્કારની નોટીસ કાઢી શક્યા હોત. તમે હળવાશથી મુદ્દાઓ લઈને જવાબ રજૂ ના કરો. તમે જાણો જ છો કે અત્યાર સુધી તમે કેમ બેસી રહ્યા છો. ગુજરાત હાઈકોર્ટ તરફથી હાજર રહેલા વકીલ દ્વારા રજૂઆત કરાઈ હતી કે, રાજ્યમાં માત્ર ચાર પોલીસ તાલિમ શાળાઓ છે. તેમાં માળખાકીય સુવિધાઓનો અભાવ છે તેને અપગ્રેડ કરવી કે નવી સંસ્થા ખોલની જરૂરી છે. તેની કેપેસીટી વધારવી જરૂરી છે. આ બાબતે હાઈકોર્ટે ટકોર કરી હતી કે આ બાબતે અધિકારીઓએ મિટીંગ કરીને ઘટતી કાર્યવાહી કરવી પડે. જો ભરતી જ નહી કરો તો તાલિમ શાળાની જરૂરિયાત બાબતે અંદાજ નહી આવે. દર વખતે હાઈકોર્ટ કે વકીલે સૂચનો કરવા કરતા અધિકારીઓએ જ વિચાર કરીને સમસ્યાઓનું નિરાકરણ લાવવું જોઈએ. તેઓએ હાઈલેવલ મિટીંગ કરવી જોઈએ.

### વિવિધ રાજ્યોમાં ચાલતાં ગેરકાયદે કોલ સેન્ટરનું ગુજરાત કનેક્શન

## વિદેશી નાગરિકોને છેતરવાનું કૌભાંડ : CBIની ૩૫૦ લોકોની ટીમ ૩૫ કોલ સેન્ટર ઉપર ત્રાટકી

અમદાવાદ, તા.૩૦ ગુજરાતમાં સતત સાયબર ફ્રોડના કેસ વધી રહ્યા છે, ત્યારે **CBI**ની ટીમે રાજ્યમાં મોટી રેડ પાડી છે. સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (**CBI**)ની ટીમ દ્વારા અલગ-અલગ જગ્યાએ દરોડા પાડવામાં આવી રહ્યા છે, તેમાં પણ એવી વિગત સામે આવી રહી છે કે, અમેરિકાની ફેડેરલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (**FBI**)એ ઈનપુટ આપ્યા હતા કે, ગોવા, હૈદરાબાદ, વિશાખાપટ્ટનમ અને કોલકત્તામાં કેટલાક એવા કોલસેન્ટર ચાલી રહ્યા છે, જેની અંદર વિદેશી નાગરિકોને લૂંટવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ ઈનપુટના આધારે તપાસ શરૂ થઈ અને તેનું કનેક્શન અમદાવાદ સુધી નીકળી રહ્યું છે. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં રહેતા કેટલાક લોકોના નામ ખુલ્યા છે, જેને ત્યાં સીબીઆઈની ટીમ પહોંચી છે. આ તમામ લોકોએ અલગ-અલગ રાજ્યમાં વિદેશી નાગરિકોને છેતરવાનું અને તેમની પાસેથી પૈસા પડાવવા માટે કોલ સેન્ટર પ્લાન કર્યા હતા. એફબીઆઈના ઈનપુટ બાદ આ તમામની ધરપકડ માટે સીબીઆઈ કામ કરી રહ્યું છે અને આ તપાસ હજી સુધી ચાલી રહી છે. મળતી માહિતી મુજબ અલગ-અલગ રાજ્યમાં ચાલતાં કોલ સેન્ટરમાં ગુજરાતનું કનેક્શન સામે આવ્યું છે, ગઈકાલ સવારથી અત્યાર સુધી ૩૫૦ લોકોની ટીમે અલગ-અલગ જગ્યાએ દરોડા પાડ્યા હતા. આ રેડ દરમ્યાન અનેક લોકો પાસેથી રૂપિયા પડાવવાનું આખું નેટવર્ક ગોવા, કોલકાત્તા, વિશાખાપટ્ટનમ અને હેદરાબાદમાં સેટઅપ કરવામાં આવ્યું હોવાનું ખૂલ્યું હતું. સીબીઆઈ દ્વારા હાલ દરોડાની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આ કોલ સેન્ટરના ઓર્ગેનાઈઝરને ત્યસીબીઆઈની ટીમ બેઠી હતી અને તેઓની પૂછપરછ કરી રહી હતી. જ્યારે આ સમગ્ર મામલે સ્થાનિક પોલીસને સહેજ પણ જાણ કરવામાં આવી ન હતી. એટલું જ નહીં આ કોલ સેન્ટરમાં કેટલાક નામ પણ હાલ સામે આવ્યા છે જેમાં વિકાસ ઉર્ફે મિસ્ટિક, સાગર પટેલ, ઈરફાન, હિતેશ, પ્રીતેષ અને મીહીરના ત્યાં સીબીઆઈની ટીમે દરોડા પાડ્યા છે. હાલ આ સમગ્ર કાર્યવાહી ચાલી રહી છે તેની અંદર અલગ-અલગ કોલ સેન્ટરના ઓર્ગેનાઈઝર અમદાવાદમાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે અને તેના ત્યાં સીબીઆઈની ટીમ સર્ચ કરી રહી છે, બીજી તરફ આખા દેશમાં આ કોલ સેન્ટરના ઈનપુટ સીબીઆઈને મળ્યા છે અને તે પ્રમાણે કાર્યવાહી ચાલી રહી છે આ દેશવ્યાપી દરોડાની અંદર ૩૫૦થી વધુની ટીમ કામ કરી રહી છે. અમેરિકન નાગરિકોને તેમના લોન અથવા ક્રેડિટ કાર્ડના નામે ડરાવીને તેમની પાસેથી ડોલર પડાવવાના રેકેટનો અગાઉ પણ અનેક વખત પર્દાફાશ થયો હતો. જેમાં મોટા કોલ સેન્ટરના માફિયાઓએ અબજો રૂપિયા ઘરભેગા કરી દીધા છે. અહીં લાઈફ સ્ટાઈલ માટે જાણીતા આ કોલ સેન્ટર માફિયા નવા જરૂરિયાતમંદ યુવાનોને મોટા રૂપિયા આપવાની લાલચ આપીને કોલ સેન્ટર ચલાવડાવે છે અને તેમાં લોકોને ફસાવીને આખી સિસ્ટમમાં ડોલર ભેગા કરી લેતા હોય છે. હજી રેડમાં શું નીકળ્યું છે તે જાણવા મળ્યું નથી. પરંતુ આ શંકાને આધારે ખૂબ મોટી રેડ અમદાવાદમાં પડી હતી. ગાંધીનગરના પોલીસ અધિકારીઓને પણ આ અંગે જાણ કરવામાં આવી હતી.

## UP ભારતની પ્રગતિમાં બનશે કિંગમેકર, વર્લ્ડ બેંકની જાહેરાત

લખનૌ, તા.૩૦ માત્ર ભારતીયો જ નહીં પરંતુ હવે વિશ્વ બેંકને પણ ભારતની પ્રગતિમાં વિશ્વાસ છે. વિશ્વ બેંકના ઉપાધ્યક્ષ (દક્ષિણ એશિયા ક્ષેત્ર) માર્ટિન રેઝરે કહ્યું છે કે, ઉત્તરપ્રદેશ ભારતના 'મિશન ૨૦૪૭'ને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. 'મિશન ૨૦૪૭' હેઠળ દેશને આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. રેઝરે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને મુખ્ય સચિવ મનોજસિંહ સાથે ચર્ચા કરી કે, કેવી રીતે વિશ્વ બેંક ઉત્તરપ્રદેશને ૧૦૦૦ અબજ ડૉલરનું અર્થતંત્ર બનાવવામાં મદદ કરી શકે. તેમણે કહ્યું કે, અમે ભારત માટે નવી (ઉધાર) વ્યૂહરચના ચક્ર શરૂ કરી રહ્યા છીએ અને આ વ્યૂહરચના ચક્ર સામાન્ય રીતે ચાર-પાંચ વર્ષ માટે હોય છે. તેમણે કહ્યું કે, છેલ્લા બે દિવસમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ સાથે ચર્ચા કરાયેલા મુદ્દાઓના આધારે વિશ્વ બેંક આગામી બે-ત્રણ વર્ષમાં એક અબજ ડૉલર અથવા તેનાથી વધુની લોન અથવા નાણાકીય સહાય સુધી પહોંચી શકે છે. તેમણે કહ્યું કે, ભારતના મિશન ૨૦૪૭માં ઉત્તરપ્રદેશ કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે. ઉત્તરપ્રદેશના ૧૦૦૦ અબજ ડૉલરની અર્થવ્યવસ્થા બનવાના પ્રશ્ન પર રેઝરે કહ્યું કે, મને લાગે છે કે, તે સંપૂર્ણપણે વ્યવહારૂ છે. પરંતુ તેને આગળ લઈ જવા માટે સુધારાની જરૂર છે. આ માત્ર ઉત્તરપ્રદેશને જ નહીં પરંતુ સમગ્ર ભારતને લાગુ પડે છે. તેમણે જણાવ્યું કે, વિશ્વ બેંક ઉત્તરપ્રદેશમાં તેની ખેતીને આધુનિક બનાવવા, પાકનું ઉત્પાદન વધારવા અને પાણીના વધુ કાર્યક્ષમ ઉપયોગની સાથે ખાતરોના વધુ પડતા ઉપયોગને ઘટાડવા માટે એક પ્રોજેકટ બનાવી રહી છે. આનાથી ખેડૂતોને પરંપરાગત રોકડિયા પાકોમાંથી વધુ મૂલ્યવર્ધિત ઉત્પાદનો તરફ વળવામાં મદદ મળશે.

### વિદેશમંત્રી જયશંકરે ખેલ્યો મોટો દાવ

## આતંકી સંગઠનોને હવે પાક.-ચીન પણ નહીં બચાવી શકે

**બ્રાઝીલ અને સાઉથ આફ્રિકા જેવા દેશોએ પણ ભારત સાથે મળીને કહ્યું કે, આતંકી સંગઠનો સામે કડક કાર્યવાહી થવી જોઈએ હોય તેની ટીકા થવી જોઈએ.**



નવી દિલ્હી, તા.૩૦ આતંકવાદ માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે હવે એક ગંભીર પ્રશ્ન બની ગયો છે. જો કે, હવે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા આતંકી સંગઠનોના ખરાબ દિવસો શરૂ થઈ જવાના છે. પાકિસ્તાન પણ હવે તેમને નહીં બચાવી શકે. કારણ કે, ભારતે હવે એક નવી તરકીબ અપનાવી છે. હવે આતંકવાદની સામે માત્ર ભારત જ નહીં પણ ઈન્ટરનેશનલ લેવલ ઉપર પણ ઘણા દેશોએ અવાજ ઊઠાવ્યો છે. બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ આતંકી સંગઠન જૈશ અને લશ્કર સામે કાર્યવાહી કરવાની માંગ ઉપર ભારતનો સાથ આપ્યો છે. વિદેશમંત્રી જયશંકર સાથે બ્રાઝીલ અને દક્ષિણ આફ્રિકાના વિદેશમંત્રી મૌરૌ વિએરા અને રોનાલ્ડ લામોલાએ આતંકવાદની આકરી નિંદા કરી. બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાએ કહ્યું કે, આતંકવાદ ક્યાંય પણ હોય, કોઈપણ સંગઠન દ્વારા કરવામાં આવતું સાથે જ બંને દેશના વિદેશમંત્રીઓએ આતંકી સંગઠનની સામે કડક કાર્યવાહીની પણ માંગ કરી. સમગ્ર મામલે ભલે ત્રણેય દેશો દ્વારા ચીન કે પાકિસ્તાનનું નામ લેવામાં ન આવ્યું હોય પણ પરોક્ષ રીતે આતંકવાદ મુદ્દે તેમને સંદેશો આપવામાં આવ્યો. ચીન કે પાકિસ્તાનનું નામ લીધા વગર ત્રણેય દેશના મંત્રીઓએ સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં આ મુદ્દો ઊઠાવ્યો જેથી હવે ઈન્ટરનેશનલ લેવલ ઉપર ચીન અને પાકિસ્તાન પણ ખુલીને આતંકીઓનો સાથ નહીં આપી શકે. આપને જણાવી દઈએ કે બ્રાઝીલ અને સાઉથ આફ્રિકા પણ બ્રિક્સ સમૂહના સદસ્ય છે. બ્રિકસમાં પાકિસ્તાન પણ સામેલ થવા માંગે છે. આ જ કારણ છે કે, ભારતે પાકિસ્તાનને આતંકવાદ મુદ્દે ઘેરવાનું શરૂ કરી દીધું. ભારત, બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ આપેલા નિવેદનો ઉપર **IBSA** મંચે પણ સહમતિ દર્શાવી કે આતંકવાદ એક વૈશ્વિક સંકટ છે જેનો મુકાબલો કરવો જોઈએ અને દુનિયાના દરેક હિસ્સાઓ ઉપર આતંકવાદીઓનો ખાત્મો કરવો જોઈએ. ઉલ્લેખનીય છે કે, ત્રણેય દેશોના મંત્રીઓએ આતંકવાદને રોકવા, તેનો મુકાબલો કરવા દરેક દેશોને તેમની જવાબદારી યાદ અપાવી. ભારતની સાથે બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ જણાવ્યું કે, આતંકવાદ સામેની લડાઈ આંતરરાષ્ટ્રીય માનવાધિકારના કાયદાઓનું પૂરૂં રીતે સન્માન કરીને થવી જોઈએ. જો કે, ભારત, બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ આપેલા નિવેદનોને લઈને એ વાત તો પાક્કી છે કે, હવે આતંકી સંગઠનોને પાકિસ્તાન અને ચીન પણ નહીં બચાવી શકે.

## નવરાત્રિ પહેલાં ટુ વ્હીલર ઉપર હેલમેટ પહેરવાના નિયમોનો અમલ કરાવો, લાઈસન્સ કેન્સલ કરો : હાઈકોર્ટનો આદેશ




અમદાવાદ, તા.૩૦ ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે દ્રીચક્રી વાહનો ચાલકો માટે હેલમેટ ફરજીયાત રીતે પહેરવાના નિયમોનું પાલન કરાવો અને જે તેઓ ત્રણ વખત નિયમોનો ભંગ કરતા જણાય તો તેમનું લાઈસન્સ રદ્દ કે સસ્પેન્ડ કરવા જોઈએ. નવરાત્રિ પહેલા હેલમેટના કડકમાં કડક નિયમનો અમલ કરો. કારણ કે હેલમેટ વગર લોકોને દ્રીચક્રી વાહનો ચલાવવા દેવા જોઈએ નહી. અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા, ફલાય ઓવર સહિતના મુદ્દાઓ ઉપર ચાલે રહેલા જાહેર હિતની અરજીની સુનાવણી દરમ્યાન ચીફ જસ્ટીસ દ્વારા સુનાવણીની શરૂઆતમાં જ ટકોર કરવામાં આવી હતી કે, મેં જોયું છે કે અગાઉ નિર્દેશ આપ્યા હોવા છતાં પણ હજુ સુધી કોઈ હેલમેટ પહેરતું નથી અને નિયમોનું પાલન કરાતું નથી. હવે નવરાત્રિ આવશે એટલે એવા અહેવાલો આવશે કે નવરાત્રિ દરમ્યાન હેલમેટ પહેરવાના નિયમો હળવા કરો. પરંતુ આ સમયમાં જ સૌથી વધારે અકસ્માત થાય છે. ગયા વર્ષે જોવામાં આવ્યું હતું કે નવરાત્રિના સમય દરમ્યાન જ રાજયના અનેક શહેરોમાં અકસ્માત અને મેડિકલ ઈમરજન્સીની ઘટનાઓ બનતી હોય છે. આથી હેલમેટ પહેરવાની અને તેની જાગૃતિની ઝુંબેશ ચલાવવી જોઈએ. જો કોઈ હેલમેટ વગર કે ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા ઝડપાય તો તેમનું લાઈસન્સ સસ્પેન્ડ કે કેન્સલ થવું જોઈ. બાકી આ નિયમનો કોઈ ગણકારે તેમ નથી. લોકો દંડના નાણા ભરવા તૈયાર થઈ જાય છે પરંતુ નિયમોને ગણકારતા નથી. તેઓ રાજી ખુશીથી નિયમોનો ભંગ કરે છે. આથી નવરાત્રિ પહેલા હેલમેટના નિયમોનું પાલન થવું જોઈ. બીજી બાજુ સમગ્ર રાજ્યમાં ટ્રાફિક પોલીસ ઉપર પણ સકંજો કસવામાં આવ્યો છે. ચાર રસ્તા ઉપર મોબાઈલ ફોન ઉપર વાતો કરતા કે ખુણામાં ઉભા રહીને એક બીજા સાથે ગોષ્ટિ કરતા જવાનોને સ્પષ્ટ પણે કહી દેવામા આવ્યું છે કે તેઓએ આવું નહી કરતા માત્ર અને માત્ર ટ્રાફિક નિયમોનું પાલન કરાવવાનું રહેશે. તેઓને બોડી વોર્ન કેમેરા આપવામાં આવ્યા છે પરંતુ તેની ઉપર મોનીટરીંગ કરવામાં આવતુ નહી હોવાથી હવે પોલીસ ઈન્સ્પેકટર સહિતના અધિકારીઓ દ્વારા તેનું સુપરવિઝન કરવામાં આવશે. આ બાબતે વોર રૂમ ઉભો કરવા પણ હાઈકોર્ટ દ્વારા સુચન કરવામાં આવ્યું હતુ. બીજી બાજુ કોર્ટે આ કેસની સુનાવણી નવરાત્રી પહેલા રાખવામાં આવી છે. એટલે કે આગામી તા.૪ ઓકટોબરના રોજ હેલમેટના નિયમોના પાલન અને અમદાવાદ સહીતના રાજયના અનેક શહેરોમાં તુટેલા રોડ રિપેરીંગ કરવાની કામગીરી પુરી કરવા બાબતે સુનાવણી રાખવામાં આવી છે.

## બે અઠવાડિયામાં ખાદ્યતેલોમાં ૩૪૫ રૂપિયાનો વધારો ઝીંકી દેવાયો

નવી દિલ્હી, તા.૩૦ કેન્દ્ર સરકારે ૧૩ દિવસ પહેલા આયાતી ખાદ્યતેલો ઉપર કસ્ટમ ડયુટીમાં ૨૦ ટકા વધારો કર્યા બાદ ખાદ્યતેલોમાં બેલગામ, બેફામ ભાવવધારાનો દોર શરૂ કરી દેવાયો છે. તેલના ભાવ નહીં વધારવાની અપીલોને ઠુકરાવી દેવાઈ છે અને તંત્રની નિષ્ક્રીયતાનો અને મીઠી નજરનો લાભ ઉઠાવીને તેલ લોબી નફાખોરી ઉપર ઉતરી ગઈ છે. સરકારનું કોઈ નિયંત્રણ જ ન હોય તે રીતે માત્ર પામતેલ કે સોયાબીન તેલ જ નહીં પરંતુ, મગફળી સિવાયના તમામ ખાદ્યતેલોના ૧૫ કિલોના ડબા ઉપર બે સપ્તાહથી પણ ઓછા સમયમાં રૂા.૨૧૦થી રૂા.૩૪૫ સુધીનો એટલે કે એક કિલોએ રૂા.૧૪થી રૂા.૨૦નો તોતિંગ વધારો ઝીંકી દેવાયો છે અને હજુ પણ ભાવવધારાનો ડામ જારી છે. તા.૧૪ સપ્ટેમ્બરથી આયાત ડ્યુડી વધારાનો અમલ થવાની સાથે જ ખેડૂતોને તેમના પાકને વધુ ભાવ મળે કે નહીં પણ ગ્રાહકોને તાત્કાલિક ધોરણે મોંઘવારીનો ડામ આપવાનું શરૂ કરી દેવાયું છે. ગત તા. ૧૩ની સાપેક્ષે તા. ૨૬ સપ્ટેમ્બરે પ્રતિ ૧૫ કિલો ડબ્બાના, પામતેલમાં રૂ. ૩૪૫, નારિયેળ તેલમાં રૂા.૩૦૦, કપાસિયા તેલમાં રૂા.૨૮૦, સૂર્યમુખી તેલમાં રૂા.૨૭૦ અને એરંડિયામાં રૂા.૨૧૦નો વધારો કરાયો છે. માત્ર ગત બે દિવસમાં જ નારિયેળ તેલમાં રૂા.૧૦૦નો વધારો કરાયો છે. શ્રીફળના ભાવમાં પચાસ ટકા જેવા તોતિંગ વધારાના પગલે ગત ચાર દિવસમાં કોકોનટ ઓઈલમાં તો પ્રતિ ૧૫ કિલોએ રૂા.૨૫૦નો વધારો કરાયો છે. ઘરેલું રસોઈ તથા કંદોઈની દુકાને વ્યાપક વપરાતા કપાસિયા તેલમાં પણ આયાત ડ્યુટી નથી વધી પરંતુ પાકમાં આંશિક ઘટાડાના અંદાજથી રૂા.૫૦નો વધારો થયો છે. જ્યારે પામતેલ ૧૯૮૦-૧૯૮૫ના ભાવે વેચાતું તેમાં ૪૫નો વધારો ઝીંકી દેવાયો છે. પામતેલ આયાત પર ૨૦ ટકા ડ્યુટી વધારાઈ અને તેલલોબીએ સરકારના આ નિર્ણય બાદ આજ સુધીમાં ૨૦.૫૩ ટકા ભાવ વધારી દીધો છે. સૂર્યમુખી તેલમાં પણ ગત ૨ દિવસમાં રૂા.૪૦નો વધારો અને સિંગતેલની તો આયાત થતી નથી, નિકાસ થાય છે. વળી વર્ષે ૪૬ લાખ ટન સામે આ વર્ષે ગુજરાતમાં મગફળીના ૫૮ લાખ ટનના વિક્રમી ઉત્પાદનનો અંદાજ છે છતાં સિંગતેલમાં રૂા.૨૦ વધી ગયા છે. પામતેલથી બનતા વનસ્પતિ ઘીના ભાવમાં સૌથી વધારે રૂા.૪૩૦નો તોતિંગ વધારો ઝીંકી દેવાયો છે. જ્યારે રાઈ, મકાઈ, એરંડિયા જેવા તેલમાં પણ બેફામ વધારો થયો છે. એકંદરે ગરીબ-મધ્યમવર્ગીય માણસ કોઈ પણ તેલમાં રાંધે તો મોંઘવારીના ડામથી બચી ન શકે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

## હરિયાણામાં ભાજપે બેકારીની મહામારી ફેલાવી છે : પ્રિયંકા ગાંધી

નવી દિલ્હી, તા.૩૦ કોંગ્રેસનાં નેતા અને મહિલા અગ્રણી પ્રિયંકા ગાંધી વાડ્રાએ એવો આક્ષેપ કર્યો હતો કે, ભાજપે હરિયાણામાં બેરોજગારીની મહામારી ફેલાવી દીધી છે અને યુવાનોના જીવન બરબાદ કરી નાખ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો રાજયમાં કોંગ્રેસની સરકાર રચાશે તો યુવાનોની હિજરત રોકવા માટે અને પરિવારોને વિખુટા પડતા રોકવા માટેના નક્કર પગલાં લેવામાં આવશે. તેમણે સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ કરતા જણાવ્યું હતું કે, યુવાનોમાં ફેલાયેલી નિરાશા દૂર કરવા માટે અને હરિયાણાને વિકાસના માર્ગે આગળ લઈ જવા માટે કોંગ્રેસનો મજબૂત સંકલ્પ છે. હરિયાણામાં ભાજપે બેકારીની એવી મહામારી ફેલાવી દીધી છે જેનાથી આશાસ્પદ યુવાનોના જીવન બરબાદ થઈ ગયા છે.

## પરમાણુ સંચાલિત સબમરીન ડૂબી જતાં ચીનની ફજેતી : અહેવાલ

વોશિંગ્ટન, તા.૩૦ હુમલો કરવા માટેની ચીનની નવી પરમાણુ સંચાલિત સબમરીન આ વર્ષની શરૂઆતમાં ડૂબી ગઈ હતી. એક વરિષ્ઠ યુએસ સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે, બેઈજિંગ માટે આ ઘટના શરમજનક છે કારણ કે, તે તેની લશ્કરી ક્ષમતાઓને વિસ્તૃત કરવા માંગે છે. ચીન પાસે પહેલેથી જ ૩૭૦થી વધુ જહાજો સાથે વિશ્વની સૌથી મોટી નૌકાદળ છે અને તેણે પરમાણુ સશસ્ત્ર સબમરીનની નવી પેઢીના ઉત્પાદનની શરૂઆત કરી છે. અમેરિકાના એક વરિષ્ઠ સંરક્ષણ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, ચીનની નવી ફર્સ્ટ-ઈન-ક્લાસ પરમાણુ-સંચાલિત સબમરીન મે અને જૂન વચ્ચે કોઈક સમયે ડૂબી ગઈ હતી. વોશિંગ્ટનમાં ચીની દૂતાવાસના પ્રવક્તાએ કહ્યું કે, તેમની પાસે પ્રદાન કરવા માટે કોઈ માહિતી નથી. ચીની અધિકારીએ કહ્યું, તમે ઉલ્લેખ કરેલી પરિસ્થિતિથી અમે પરિચિત નથી અને હાલમાં પ્રદાન કરવા માટે કોઈ માહિતી નથી. અધિકારીએ કહ્યું કે, તે સ્પષ્ટ નથી કે તે કયા કારણે ડૂબી ગયું અથવા તે સમયે તેમાં પરમાણુ બળતણ હતું કે કેમ. અધિકારીએ પીપલ્સ લિબરેશન આર્મી માટે ટૂંકાક્ષરનો ઉપયોગ કરીને જણાવ્યું હતું કે, તાલીમના ધોરણો અને સાધનસામગ્રીની ગુણવત્તા અંગેના સ્પષ્ટ પ્રશ્નો ઉપરાંત આ ઘટના પીએલએની આંતરિક જવાબદારી અને ચીનના સંરક્ષણ ઉદ્યોગની દેખરેખ અંગે ઊંડા પ્રશ્નો ઊભા કરે છે - જે લાંબા સમયથી ભ્રષ્ટાચારથી પીડિત છે. અધિકારીએ ઉમેર્યું હતું કે, તે આશ્ચર્યજનક નથી કે પીએલએ નૌકાદળ ડૂબી જવાની વાત છૂપાવવાનો પ્રયાસ કરશે. તાઈપેઈમાં બોલતા તાઈવાનના સંરક્ષણ પ્રધાન વેલિંગ્ટન કૂએ જણાવ્યું હતું કે, સત્તાધિકારીઓ બહુવિધ ગુપ્તચર અને દેખરેખ પદ્ધતિઓ દ્વારા પરિસ્થિતિની સમજ ધરાવે છે, પરંતુ વિસ્તૃત માહિતી આપી ન હતી. તાઈવાન જેને ચીન પોતાનો વિસ્તાર માને છે, તે પછીની લશ્કરી ગતિવિધિઓ ઉપર ચાંપતી નજર રાખે છે. જૂનમાં તાઈવાનના માછીમારો નજીક તાઈવાન સ્ટ્રેટમાં ચીની પરમાણુ સબમરીન સપાટી ઉપર આવતા ચિત્રો ઓનલાઈન દેખાયા હતા. વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા ચાઈનીઝ સબમરીનના સમાચાર પ્રથમવાર આપવામાં આવ્યા હતા.

### ભારતે બાંગ્લાદેશ સામે ૩ મેચની T20 સીરિઝ રમવાની છે

# બે દિગ્ગજ ખેલાડીઓને ટી૨૦ સીરિઝમાં અપાઈ શકે છે આરામ

## મુખ્ય પસંદગીકાર અજીત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ વિકેટકીપર પંતને આરામ આપી શકે



નવી દિલ્હી, તા.૩૦

કાનપુર ખાતે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બીજી ટેસ્ટ મેચ રમાઈ રહી છે. આ પછી ભારતે બાંગ્લાદેશ સામે ૩ મેચની T20 સીરિઝ પણ રમવાની છે. આ સીરિઝને લઈને થોડા દિવસોમાં ભારતીય ટીમની જાહેરાત થઈ શકે છે.

આગામી સમયમાં ભારતીય ટીમ ન્યુઝીલેન્ડ સામે પણ સીરિઝ રમશે. જેને લઈને પસંદગીકારો બાંગ્લાદેશ સામે કેટલાક ખેલાડીઓને આરામ આપી શકે છે. ૧૬ ઓક્ટોબરથી ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૩ મેચની ટેસ્ટ સીરિઝની શરૂઆત થશે. આઈસીસી ટેસ્ટ ચેમ્પિયનશીપની દૃષ્ટિએ ભારત માટે આ સીરિઝ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તેથી પસંદગીકારો ઈચ્છે છે કે ટીમના મુખ્ય ખેલાડીઓ સંપૂર્ણ રીતે ફિટ રહે.

મુખ્ય પસંદગીકાર અજીત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ વિકેટકીપર ઋષભ પંતને આરામ આપી શકે છે. તેની જગ્યાએ સંજુ સેમસનને તક મળી શકે છે. બીજા વિકેટકીપર તરીકે જીતેશ શર્માને ટીમમાં જગ્યા મળી શકે છે.

ઈશાન કિશનને ઈરાની કપ માટે રેસ્ટ ઓફ ઈન્ડિયાની ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે, તેથી તે આ રેસમાં નથી. પંતને આ સિઝનમાં ૧૦ ટેસ્ટ મેચ રમવાની છે, જેને ધ્યાનમાં રાખીને મેનેજમેન્ટ તેના વર્કલોડને મેનેજ કરવા પર ધ્યાન આપી રહ્યું છે.

T20 સીરિઝ માટે પસંદગીકારો બુમરાહને આરામ પણ આપી શકે છે. ટેસ્ટ સીરિઝને ધ્યાનમાં રાખીને બુમરાહનું સંપૂર્ણ ફિટ રહેવું જરૂરી છે. તેથી તેને પણ આરામ આપી શકાય છે. મોહમ્મદ સિરાજને પણ આરામ મળી શકે છે. આ બંનેની જગ્યાએ હર્ષિત રાણા અને આવેશ ખાન ટીમમાં સામેલ કરી શકાય છે.

આ સિવાય યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલને પણ આરામ અપાઈ શકે છે. આ બંનેના સ્થાને ઓપનર ઋતુરાજ ગાયકવાડ અને પોતાની તોફાની બેટિંગ માટે જાણીતો અભિષેક શર્માને ફરી તક મળી શકે છે.

બાંગ્લાદેશ સામે ભારતની સંભવિત ટીમ : સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), અભિષેક શર્મા, ઋતુરાજ ગાયકવાડ, સંજુ સેમસન (વિકેટકીપર), જિતેશ શર્મા (વિકેટકીપર), રિંકુ સિંહ, રિયાન પરાગ, શિવમ દુબે, હાર્દિક પંડ્યા, રવિ બિશ્નોઈ, વોશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા, આવેશ ખાન, અર્શદીપ સિંહ, મુકેશ કુમાર

# ચેક રીટર્ન અંગેના કેસમાં આરોપીને ૬ માસની સજા ફટકારતી કોર્ટ

જૂનાગઢ તા. ૩૦

લોન લઈને ભરપાઈ ન કરનાર ડિફોલ્ટરને સજા કરી દાખલારૂપ ચુકાદો જૂનાગઢ કોર્ટે આપ્યો છે. માધવ ક્રેડીટ કો.ઓપ. સોસાયટી લી. માંથી ભરતકુમાર રામજીભાઈ મણવર રહે. જૂનાગઢવાળાએ ધિરાણ મેળવેલ હતું અને બાકી રકમ ભરપાઈ કરવા માટે રૂા.૮૫,૩૭૮/-નો ચેક આપેલ હતો. જે ચેક અપુરતા ફંડના કારણે રીટર્ન થયેલ હતો. જેથી સોસાયટી દ્વારા વર્ષ ૨૦૧૭ માં જૂનાગઢની કોર્ટમાં નેગોસીએબલ ઈન્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૮ હેઠળ ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ હતો. તાજેતરમાં આ કેસ જૂનાગઢના નામદાર બીજા એડીશ્નલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ એસ.એ. પઠાણની કોર્ટમાં ચાલી જતાં આરોપીને તકસીરવાન ઠરાવી ૬ માસની કેદ તથા ચેકની રકમ રૂા.૮૫,૩૭૮/-ના દંડની સજાનો હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદી સોસાયટી તરફે એડવોકેટ સચીન રૂપારેલીયા રોકાયેલા હતા.

### જયા અને કંગનાનો પણ આ કમિટિમાં સમાવેશ

# સંચાર-આઈટી કમિટિમાં નિશિકાંત દૂબે અને મહુઆ કરશે સાથે કામ

નવી દિલ્હી, તા.૩૦

થોડા દિવસ પહેલા જ ૨૪ સ્થાયી સમિતિઓની રચના કરવામાં આવી હતી, જેમાં પાર્ટી લાઈનથી ઉપર અનેક પ્રમુખ નેતાઓને મહત્વપૂર્ણ ભૂમિકાઓ સોંપવામાં આવી છે. તેમાંથી એક સંચાર અને આઈટી માટે રચના કરવામાં આવેલી સ્થાયી સમિતિ પણ સામેલ છે. હવે આ સમિતિમાં સામેલ કરવામાં આવેલ સદસ્યોના નામ જાણીને તમે પણ દંગ રહી જશો.

આ સમિતિના અધ્યક્ષ ઝારખંડના ગોડ્ડાથી ૪ વખતના સાંસદ નિશિકાંત દૂબેને બનાવવામાં આવ્યા છે. હવે રસપ્રદ વાત એ છે કે, આ જ સમિતિમાં પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાની કૃષ્ણાનગર બેઠકથી તૃણમૂલ કોંગ્રેસની સાંસદ મહુઆ મોઈત્રાને પણ સામેલ કરવામાં આવ્યા છે. નિશિકાંત દુબે અને મહુઆ મોઈત્રા વચ્ચેની 'અદાવત' કોઈનાથી છુપાયેલી નથી. પોતાના બેબાક નિવેદનોના કારણે ચર્ચામાં રહેતી ભાજપની સાંસદ કંગના રણૌતને પણ સદસ્ય તરીકે આ સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે.

આ કમિટિમાં સમાજવાદી પાર્ટીના રાજયસભાના સદસ્ય જયા બચ્ચન પણ સામેલ છે. જયા બચ્ચનની સંસદના છેલ્લા સત્રમાં ઉપલા ગૃહના અધ્યક્ષ જગદીપ ધનખડ અને સત્તારુઢ ગઠબંધનના સદસ્યો સાથે થયેલી બોલાચાલી ખૂબ જ ચર્ચામાં રહી હતી. પ્રખ્યાત સંગીતકાર અને રાજયસભા સાંસદ ઈલૈયારાજા પણ આ પેનલમાં સામેલ છે.

મહુઆ મોઈત્રાને ગત વર્ષે ડિસેમ્બર મહિનામાં 'કેશ ફોર ક્વેરી' કેસમાં દોષિત ઠેરવ્યા બાદ લોકસભામાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

ગયા વર્ષે ઓક્ટોબરમાં બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ મોઈત્રા પર સંસદમાં પ્રશ્નો પૂછવા માટે ઉદ્યોગપતિ દર્શન હિરાનંદાની પાસેથી લાંચ લેવાનો આરોપ લગાવ્યો હતો અને તેમની સામે તપાસની માંગ કરી હતી. આ મામલો દિલ્હી હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. હાઈકોર્ટે મોઈત્રાની અરજીને ફગાવી દીધી હતી જેમાં તેણે આ કેસમાં નિશિકાંત દુબે અને સુપ્રીમ કોર્ટના વકીલ જય અનંત દેહદરાયને સોશિયલ મીડિયા પર કોઈપણ પોસ્ટ કરવા અથવા ઈન્ટરનેટ પર કોઈપણ સામગ્રી અપલોડ કરવા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી.

જો કે આ વર્ષે યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મહુઆ મોઈત્રા ફરી એક વખત કૃષ્ણનગરથી જીત હાંસલ કરીને લોકસભામાં પહોંચવામાં સફળ રહ્યા હતા.

બીજી તરફ નિશિકાંત દુબે પણ સતત ચોથી વખત ગોડ્ડાથી જીતીને લોકસભામાં પહોંચ્યા છે. બીજી તરફ સફળ અભિનેત્રી તરીકે ખ્યાતિ મેળવનાર કંગના રણૌત આ વખતે હિમાચલ પ્રદેશની મંડી સંસદીય બેઠક પરથી ભાજપની ટિકિટ પર લોકસભાની ચૂંટણી લડી હતી. કોંગ્રેસના ઉમેદવાર વિક્રમાદિત્ય સિંહને હરાવીને તેઓ મંડીના સાંસદ બન્યા અને લોકસભામાં પહોંચ્યા છે.

### બોમ્બે હાઈકોર્ટે એક કેસમાં કહ્યું

# લગ્નના બહાને રેપ પરિણીત મહિલા આવો દાવો કરી શકે નહીં

### જસ્ટિસ મનીષ પીતાલેની સિંગલ જજની બેન્ચે બળાત્કારના કેસમાં ધરપકડ કરાયેલા પુણેના યુવકને જામીન આપતાં આ વાત કહી

મુંબઈ,તા.૩૦

બોમ્બે હાઈકોર્ટે એક કેસમાં કહ્યું કે પરિણીત મહિલા દાવો કરી શકે નહીં કે લગ્નના બહાને તેની સાથે બળાત્કાર થયો હતો. કેસની સુનાવણી કરતી વખતે જસ્ટિસ પીતાલેએ કહ્યું કે જ્યારે કોઈ મહિલા પરિણીત હોય ત્યારે તે દાવો ન કરી શકે કે લગ્નનું વચન આપીને કોઈ અન્ય વ્યક્તિએ તેની સાથે બળાત્કાર કર્યો.

હાઈકોર્ટે કહ્યું કે પરિણીત મહિલા લગ્નના બહાને બીજા પુરુષ પર બળાત્કારનો આરોપ લગાવી શકે નહીં. જસ્ટિસ મનીષ પીતાલેની સિંગલ જજની બેન્ચે બળાત્કારના કેસમાં ધરપકડ કરાયેલા પુણેના યુવકને જામીન આપતાં આ વાત કહી.

કોર્ટે કહ્યું કે, સૌ પ્રથમ, જ્યારે મહિલા પહેલેથી જ પરિણીત છે, ત્યારે તે દાવો ન કરી શકે કે લગ્નના વચન પર કોઈ અન્ય વ્યક્તિએ તેની સાથે બળાત્કાર કર્યો છે. સ્ત્રીઓએ જાણવું જોઈએ કે તેઓ લગ્ન કરી શકતા નથી. જો કોઈ કેસમાં આરોપી દોષિત ઠરે તો પણ લગ્નના બહાને બળાત્કારનો કેસ સાચો સાબિત થતો નથી.

ઉલ્લેખનીય છે કે વિશાલ નાગનાથ શિંદે નામના વ્યક્તિ વિરુદ્ધ બળાત્કારનો કેસ નોંધવામાં આવ્યો હતો. તે પોતે પરિણીત છે. મહિલા પણ પરિણીત છે. તેનું કહેવું છે કે બંને વચ્ચે પહેલા મિત્રતા થઈ અને પછી નાગનાથે લગ્નના બહાને તેની સાથે બળાત્કાર કર્યો અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી. કોર્ટે કહ્યું કે હજુ સુધી એવા કોઈ પુરાવા નથી મળ્યા કે નાગનાથનો કોઈ વીડિયો છે.

શિંદેના વકીલે કોર્ટને કહ્યું કે તેઓ તપાસમાં સંપૂર્ણ મદદ કરી રહ્યા છે. કોર્ટે શિંદેને પોલીસ દ્વારા બોલાવવામાં આવે ત્યારે પોલીસ સ્ટેશનમાં હાજર રહેવાનો આદેશ આપ્યો છે. આ સિવાય તમારે તમારો મોબાઈલ ફોન ટેસ્ટિંગ માટે જમા કરાવવો પડશે. કોર્ટે કહ્યું કે હજુ સુધી એ જાણી શકાયું નથી કે આરોપીએ કોઈ વીડિયો સર્ક્યુલેટ કર્યો છે કે કેમ.

### કેન્દ્ર સરકારે ૬૫ લાખ પેન્શનર્સને આપી મોટી રાહત

# હવે દર મહિનાના અંતમાં ખાતામાં જમા થઈ જશે પેન્શન

## ફરિયાદ મળી રહી હતી કે પેન્શનમાં મોડું થઈ રહ્યું છે

નવી દિલ્હી, તા.૩૦

કેન્દ્ર સરકારે પોતાના ૬૫ લાખ પેન્શનર્સને મોટી રાહત આપી છે. નાણા મંત્રાલયના વ્યય વિભાગના સેન્ટ્રલ પેન્શન એકાઉન્ટિંગ ઓફિસ (CPO)ને પેન્શન વિભાગ તરફથી એવી ફરિયાદ મળી રહી હતી કે તેમના પેન્શનમાં મોડું થઈ રહ્યું છે. એ પણ જોવા મળ્યું છે કે કેટલાક પેન્શનર્સને તે મહિનાના અંતમાં પેન્શન નથી મળી રહ્યું. ખાતામાં પેન્શન રાશિ આવવાની પ્રક્રિયામાં આગામી મહિનાના પણ કેટલાક દિવસો પસાર થઈ જાય છે. જેને લઈને નાણા મંત્રાલયે પેન્શન ચૂકવણીમાં થઈ રહેલ વિલંબને ગંભીરતાથી લીધુ છે. હવે તમામ પેન્શનર્સને મહિનાના અંતમાં પેન્શન મળી જશે. કેન્દ્રીય પેંશન પ્રક્રિયા કેન્દ્ર (સીપીપીસી) દ્વારા મહિનાના અંતિમ કાર્ય દિવસની સવાર સુધીમાં ઈલેક્ટ્રોનિક રીતે એક રિપોર્ટ મોકલવો પડશે. ઈ-પીપીઓ સાઈટ પર એ જણાવવું પડશે કે મહિનાના અંતમાં આટલા પેન્શનર્સના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરી દેવાયા છે.

જણાવી દઈએ કે, નાણા મંત્રાલયને માસિક પેન્શન અને પારિવારિક પેન્શન મળવામાં થઈ રહેલ વિલંબને લઈને અનેક ફરિયાદો મળી રહી હતી. કારણ કે રિટાયરમેન્ટ બાદ વધુ પડતા લોકોનું પેન્શન પર જ જીવન નિર્ભર હોય છે, તેવામાં પેન્શન મોડું પહોંચવું, તેમના માટે મુશ્કેલી સમાન છે. પેન્શનમાં મોડું થવાને લઈને તેમને વૃદ્ધાવસ્થામાં સંબંધિત વિભાગ અથવા બેંકના ધક્કા ખાવા પડે છે.

# ખંભાળિયાની મેઈન બજારમાં આખલાઓનું દ્વંદ્વ યુધ્ધ : વેપારીઓમાં નાસભાગ

## બાખડતાં આખલાઓ શો-રૂમમાં ઘૂસી જતા તોડફોડ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયાની મેઈન બજાર વિસ્તારમાં શુક્રવારે ઢળતી સાંજે બે મજબૂત આખલાઓ બાખડી પડતા થોડો સમય ભારે ભય સાથે દોડધામ મચી જવા પામી હતી. ખંભાળિયામાં શાક માર્કેટ વિસ્તારમાં મેઈન બજાર ખાતે ગઈકાલે શુક્રવારે સાંજે આશરે સાતેક વાગ્યાના સમયે અહીં વિચરતા બે ખૂંટિયાઓ સામસામે આવી ગયા હતા. થોડી જ વારમાં આ બંને આખલાના યુદ્ધે જાણે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ બંને આખલાઓ શિંગડા ભરાવીને આખી બજારમાં બાખડ્યા હતા. બાખડતા બાખડતા આ ખૂંટિયાઓ એક શોરૂમમાં ઘુસી જતા આ શોરૂમમાં કેટલીક તોડફોડ પણ મચાવી હતી. આ મલ્લ યુદ્ધના કારણે આ વિસ્તારના દુકાનદારોએ પોતાની દુકાનોના શટર ફટાફટ દીધા હતા. આટલું જ નહીં, અહીં ઉપસ્થિત લોકોએ આખલાઓ પર પાણીનો છંટકાવ કરી, વિખુટા પાડવાનો પ્રયાસ કરતા આ પ્રયાસ પણ સદંતર નિષ્ફળ મેળવ્યો હતો. આશરે દસેક મિનિટ સુધી મેઈન બજાર વિસ્તારમાં ભય અને દોડધામનો માહોલ પ્રસરાવી, આ ખૂંટીયાઓએ વેપારીઓને તેમજ વાહન ચાલકોને ભારે ચિંતામાં મૂકી દીધા હતા. શહેરના યક્ષ પ્રશ્ન એવા રસ્તે રઝળતા ગૌવંશને નાથવા તંત્રની નિષ્ફળતાનો આ વધુ એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

### CBSE બોર્ડના વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર

# વર્ષ-૨૦૨૫ની બોર્ડની પરીક્ષાઓ સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ યોજાશે

## સીબીએસઈ દ્વારા માત્ર સીસીટીવી કેમેરા ધરાવતી શાળાઓને જ બોર્ડ પરીક્ષા કેન્દ્ર બનાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૩૦

તમામ પરીક્ષાઓમાં ચોરીઓની વધતી ઘટનાઓને જોતા હવે CBSEએ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓમાં પણ વધારાની તકેદારી રાખવાનો નિર્ણય લીધો છે. જેને ધ્યાનમાં રાખીને પ્રથમ વખત સીબીએસઈએ બોર્ડની પરીક્ષાઓ સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ યોજવાનો નિર્ણય કર્યો હતો

બોર્ડે શુક્રવારે જાહેર કરેલા નોટિફિકેશનમાં સ્પષ્ટ કર્યું છે કે વર્ષ ૨૦૨૫ની બોર્ડની પરીક્ષાઓ સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ યોજાશે. આ માટે જે પણ શાળામાં પરીક્ષા કેન્દ્રો બનાવવામાં આવશે, તેણે દરેક રૂમમાં સીસીટીવી કેમેરા લગાવવા પડશે. સીબીએસઈ દ્વારા માત્ર સીસીટીવી કેમેરા ધરાવતી શાળાઓને જ બોર્ડ પરીક્ષા કેન્દ્ર બનાવવામાં આવશે.

પરીક્ષા ખંડ ઉપરાંત, તમામ પરીક્ષા કેન્દ્રોમાં, શાળાના પ્રવેશથી માંડીને સીડી વગેરે તમામ જગ્યાએ કેમેરા ગોઠવવામાં આવશે જેથી ઉમેદવારો સતત કેમેરાની દેખરેખ હેઠળ રહે. કેન્દ્રોએ સીસીટીસીના વિડિયો બોર્ડ પરીક્ષાના પરિણામોને રિલીઝ થયાના બે મહિના સુધી સાચવવા પડશે જેથી જ્યારે જરૂર પડે ત્યારે જોઈ શકાય.

CBSE શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હોવા છતાં પરીક્ષા ખંડમાં કેમેરા લગાવવામાં આવ્યા ન હતા. હવે ત્યાં પણ સારી ગુણવત્તાના કેમેરા લગાવવામાં આવશે. હવે આ શાળાઓએ પરીક્ષાના યોગ્ય સંચાલનને લગતી સૂચનાઓને અનુસરીને વધારાની તૈયારીઓ કરવી પડશે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ શાળામાં કેમેરા નહીં હોય તો ત્યાં પરીક્ષા કેન્દ્ર આપવામાં આવશે નહીં. નોંધનીય છે કે ૨૦૨૫ બોર્ડની પરીક્ષાઓ નવી શિક્ષણ નીતિ હેઠળ યોજાશે. CBSE એ દાવો કર્યો છે કે આ વર્ષે લગભગ ૪૪ લાખ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપશે. તાજેતરમાં સીબીએસઈ બોર્ડે બોર્ડની પરીક્ષા માટે રજીસ્ટ્રેશન શરૂ કર્યું હતું. રજીસ્ટ્રેશન વિન્ડો ૧૬ ઓક્ટોબર સુધી ખુલ્લી રહેશે. બોર્ડની પરીક્ષાઓના સંદર્ભમાં CBSE મોટા પાયે પરીક્ષાઓને સરળ અને ન્યાયી રીતે આયોજિત કરવા માટે કામ કરી રહી છે. તેથી બોર્ડે CCTV નીતિ વિકસાવી છે, જે અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓને ઉચ્ચ રિઝોલ્યુશન કેમેરા લગાવવા માટે કહેવામાં આવ્યું છે.

બોર્ડે કહ્યું છે કે ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામો જાહેર થયાની તારીખથી ઓછામાં ઓછા બે મહિના માટે પરીક્ષા હોલ રેકોર્ડિંગને યોગ્ય રીતે સંગ્રહિત હોવા જોઈએ. આ ખાતરી કરવા માટે છે કે બોર્ડને તેમની સમીક્ષા કરવાની જરૂર હોય તો રેકોર્ડિંગ સરળતાથી મેળવી શકાય. કેમેરામાંથી ફૂટેજ માત્ર અધિકૃત કર્મચારીઓ દ્વારા જ એક્સેસ કરી શકાય છે.

### તિરૂપતિ મંદિરના પ્રસાદમાં ભેળસેળ બાદ સતર્કતા

# અયોધ્યામાં પ્રસાદના રૂપે વહેંચવામાં આવતા ઈલાયચીના દાણાના નમૂના તપાસ માટે મોકલાયા

## ઈલાયચીના દાણાના નમૂના તપાસ માટે ઝાંસીની એક સરકારી પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા હતા

અયોધ્યા, તા.૩૦

આંધ્ર પ્રદેશના તિરૂપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ભેળસેળનો મામલો હજુ શાંત નથી થયો, ત્યાં હવે ઉત્તર પ્રદેશના અયોધ્યા રામ જન્મભૂમિ મંદિરમાં પ્રસાદના રૂપે વહેંચવામાં આવતા ઈલાયચીના દાણાના નમૂના તપાસ માટે ઝાંસીની એક સરકારી પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે. આસિસ્ટન્ટ ફૂડ કમિશનર દ્વારા આ માહિતી આપવામાં આવી છે કે, રામ જન્મભૂમિ મંદિરમાં પ્રસાદના રૂપે વહેંચવામાં આવતા ઈલાયચીના દાણાના નમીના ફૂડ સેફટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા જમા કરવામાં આવ્યા છે. આ નમૂનાને ઝાંસીની એક સરકારી પ્રયોગશાળામાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. જ્યાં તેનું પરીક્ષણ કરવામાં આવશે.

રામ મંદિર ટ્રસ્ટના કાર્યાલય પ્રભારી પ્રકાશ ગુપ્તાના જણાવ્યા અનુસાર, 'દરરોજ પવિત્ર પ્રસાદના રૂપે અંદાજિત ૮૦ હજાર ઈલાયચીના પેકેટનું વિતરણ કરવામાં આવે છે. આસિસ્ટન્ટ ફૂડ કમિશનર માણિક ચંદ સિંહે જણાવ્યું હતું કે, IGRS દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના પગલે, હૈદરગંજ વિસ્તારથી નમૂના ખરીદવામાં આવ્યા, જ્યાં ઈલાયચી દાણાનો પ્રસાદ તૈયાર કરવામાં આવે છે. આ નમૂનાને વ્યાપક પરીક્ષણ અને મૂલ્યાંકન માટે ઝાંસીની પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે.


આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડૂએ એનડીએ ધારાસભ્ય દળની બેઠક દરમિયાન તિરૂપતિ બાલાજી



મંદિરના પ્રસાદમાં પશુ ચરબીની ભેળસેળનો આરોપ લગાવ્યો હતો. જોકે, પૂર્વ મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડીએ તેને રાજકીય નિવેદન જણાવ્યું હતું. દેશના સૌથી અમીર મંદિરનું સંચાલન કરનાર બોર્ડે શુક્રવારે ખુલાસો કર્યો હતો કે, તિરૂપતિ મંદિરના પ્રસાદની ગુણવત્તાની તપાસ માટે મોકલેલા નમૂનામાં ખરાબ ગુણવત્તાવાળું ઘી અને પશુની ચરબીની ભેળસેળની જાણ થઈ છે. આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડૂએ લાડુમાં પશુ ચરબીની મિલાવટનો દાવો કર્યો હતો. આ મુદાને લઈને ભૂતપૂર્વ વાઈએસઆર કોંગ્રેસ પાર્ટીની સરકાર પર આરોપ લગાવવામાં આવ્યો હતો. ત્યારબાદ પૂર્વ મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડીએ તેને ધ્યાન ભટકાવવાની રાજનીતિ જણાવ્યું હતું.

# દ્વારકા નજીક ગમખ્વાર ત્રિપલ અકસ્માતમાં સાતના મૃત્યું : ૧૫ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત








## ખાનગી બસ, સ્વીફટ અને ઈક્કો કાર વચ્ચે સર્જાયો અકસ્માત : રક્તરંજિત બનેલો દ્વારકા ધોરીમાર્ગ મરણ ચીસોથી ગુંજી ઉઠ્યો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

દેવભૂમિ દ્વારકાના પાદરમાં શનિવારે ઢળતી સાંજે એક ખાનગી બસ તથા સ્વિફટ અને ઈક્કો મોટરકાર વચ્ચે સર્જાયેલા ત્રિપલ જીવલેણ એવા અકસ્માતમાં સાત જેટલા મુસાફરોના કમકમાટીભર્યા મૃત્યું નીપજયા હતા. જયારે એક ડઝનથી વધુ મુસાફરોને નાની મોટી ઈજાઓ થવા પામી છે. ઘટનાના પગલે સમગ્ર જિલ્લાની રેસ્ક્યુ ટીમ, ડોકટરો, સેવાભાવી, કાર્યકરો ઘટના સ્થળે દોડી ગયા હતા અને ઈજાગ્રસ્તો માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. આ કરૂણ બનાવની જાણવા મળતી વિગત મુજબ દ્વારકા-ખંભાળિયા ધોરીમાર્ગ પણ દ્વારકાથી આશરે ૭ કિલોમીટર દૂર બરડીયા ગામ પાસે આવેલી એક હોટલ પાસેથી શનિવારે રાત્રે આશરે ૭:૩૦ વાગ્યાના સમયે પસાર થઈ રહેલી ખાનગી ટ્રાવેલ્સની એક બસ નંબર એન.એલ. ૦૧ બી. ૨૨૦૭ આડે કોઈ પશુ ઉતરતા તેને બચાવવા માટે બસના ચાલકે કાવો માર્યો હતો. જેના કારણે આ બસ ડીવાઈડર ટપીને રોડની એક તરફ પલટી ખાઈ ગઈ હતી. આ પછી સામેની તરફથી દ્વારકા તરફ આવી રહેલી એક સ્વીફટ મોટરકાર નંબર જી.જે. ૧૧ બી એચ ૮૯૮૮ અને તેની સાથે એક ઈક્કો મોટરકાર નંબર જી.જે. ૧૮ બી.એલ. ૩૧૫૯ વચ્ચે ત્રિપલ અકસ્માત બાદ પાછળ આવી રહેલું એક મોટરસાયકલ પણ આ અકસ્માતગ્રસ્ત વાહન સાથે ટકરાયું હતું. આ વચ્ચે વધુમાં ચર્ચાતી વિગત મુજબ અન્ય એક રાહદારી પણ આ અકસ્માતની અડફેટે ચડી ગયા હતા. આ ત્રિપલ અકસ્માતમાં ઈક્કો કારમાં સવાર સહિત કુલ સાત મુસાફરોના મોત નીપજયા હતા. જયારે અન્ય આશરે ૧૫ થી ૧૭ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતાં દ્વારકાની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ ખંભાળિયા સ્થિત ડીસ્ટ્રીક્ટ જનરલ હોસ્પિટલ ખાતે તમામને ખસેડવામાં આવ્યા હતા. આ ગંભીર અકસ્માતમાં ઈક્કો મોટરકારમાં જઈ રહેલા એક જ પરિવારના બે બાળકો સહિત સાત મુસાફરો કાળનો કોળિયો બની ગયા હતા. જે અંગે ઈક્કો મોટરકારમાં જઈ રહેલા મહેશભાઈ કેશવજી ઠાકોર (ઉ.વ. ૩૭, રહે. ટીટોડા ગામ (પરૂ, તા. ગાંધીનગર) એ દ્વારકા પોલીસ મથકમાં જાહેર કરેલી વિગત મુજબ ફરિયાદી મહેશભાઈ ઠાકોર તેમજ તેમના પરિવારજનો શનિવારે દ્વારકા ખાતે જગત મંદિરે દર્શન કરવા નીકળ્યા હતા ત્યારે દ્વારકા પહોંચે તે પહેલા બરડીયા નજીક સામેથી આવી રહેલી એન.એલ. ૦૧ બી. ૨૨૦૭ નંબરના ખાનગી બસના ચાલકે પોતાની બસના સ્ટેરિંગ પરનો ગુમાવી દેતા રોંગ સાઈડમાં જઈ અને આ બસ પલટી ખાઈને તેઓની ઈક્કો મોટરકાર ઉપર પડી હતી. જેના કારણે ફરિયાદી મહેશજી કેશાજીના ધર્મપત્ની ભાવનાબેન (ઉ.વ. ૩૫), તેમની પુત્રી પ્રિયાંશી (ઉ.વ. ૧૩) તેમના સાળા અર્જુનજી ઠાકોરના પત્ની હેતલબેન અર્જુનજી ઠાકોર (ઉ.વ. ૨૮, રહે પલસાણા કલોલ), તેમની પુત્રી તાનિયા અર્જુનજી ઠાકોર (ઉ.વ. ૨), અન્ય એક સાળા કિશનજીની પુત્રી રિયાંશી (ઉ.વ. ૩) અને તેમનો દીકરો વિરાન કિશનજી ઠાકોર (ઉ.વ. ૬) ના કમકમાટીભર્યા મૃત્યુ નીપજ્યા હતા. આ અકસ્માતમાં આ માર્ગ પર જઈ રહેલા અન્ય એક યુવાન ચિરાગ રાણાભાઈ ચાસીયા (રહે. બરડીયા, તા. દ્વારકા) નું પણ મૃત્યુ નીપજ્યું હતું. આ અકસ્માતમાં અન્ય મુસાફરો એવા ફરિયાદી મહેશજી કેશાજી ઠાકોર તેમના પુત્ર હિમેશ, હેતલબેન કિશનભાઈ ઠાકોર અને કિશનભાઈ રમણજી ઠાકોર વિગેરેને પણ નાની મોટી ઈજાઓ થતા વધુ સારવાર અર્થે દ્વારકાથી ખંભાળિયા ખસેડવામાં આવ્યા હતા. આ બનાવના પગલે જિલ્લાના જુદા જુદા વિસ્તારમાંથી ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ સરકારી હોસ્પિટલ તેમજ ખાનગી વાહનોમાં ઘવાયેલાઓને હોસ્પિટલ તેમજ ખંભાળિયા ખસેડવાની તાકીદની વ્યવસ્થા કરવામાં આવી હતી. આટલું જ નહીં, આ ગમખ્વાર અકસ્માત થતા અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ વિગેરે પણ ઘટના સ્થળે દોડી જઈ, અને જરૂરી વ્યવસ્થાઓ કરવામાં મદદરૂપ થયા હતા ખંભાળિયાની સરકારી હોસ્પિટલોમાં ઘવાયેલાઓને તાકીદે તમામ સારવાર મળી રહે તે માટે જામનગરથી જી.જી. હોસ્પિટલના ડોક્ટરોની ટીમનું પણ આગમન થયું હતું. આ બનાવે ભારે કરુણતા પ્રસરાવી છે. આ અકસ્માતના પગલે અહીંના ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા હાર્દિક પ્રજાપતિ તેમજ દ્વારકાના ડી.વાય.એસ.પી. સાગર રાઠોડની ટીમે હાઈવે માર્ગ પર જરૂરી બંદોબસ્ત ગોઠવી, વાહન વ્યવહાર તેમજ ઘવાયેલાઓ માટે વ્યવસ્થાઓ કરી હતી. અકસ્માત સર્જીને આરોપી બસનો ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. ગમખ્વાર અકસ્માતના આ બનાવ સંદર્ભે દ્વારકા પોલીસે મહેશજી કેશાજી ઠાકોરની ફરિયાદ પરથી ખાનગી બસના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસના ડી.વાય.એસ.પી. સાગર રાઠોડના વડપણ હેઠળ પી.એસ.આઈ. ડી.એચ. ભટ્ટ દ્વારા હાથ ધરવામાં આવી છે. આ અકસ્માતમાં મૃતક હતભાગીઓના પોસ્ટમોર્ટમ ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં કરવામાં આવ્યા હતા. આ બનાવ બનતા અહીંના પ્રાંત અધિકારી મામલતદાર પણ ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં દોડી ગયા હતા. અને મૃતક તથા ઈજાગ્રસ્તોના પરિવારજનોને શક્ય તેટલી તમામ સહાય માટે મદદરૂપ બન્યા હતા.

## રાજકોટ રેલ્વે ડિવિઝનમાં 'સ્વચ્છતા હી સેવા અભિયાન' હેઠળ ગુણવત્તા ચકાસવા માટે વિવિધ કેટરિંગ સ્ટોલ અને પેન્ટ્રી કારમાંથી ખાદ્યપદાર્થોના નમૂના લેવાયા



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩૦

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન ઉપર 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૪' ઝુંબેશ ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૪ દરમ્યાન સક્રિયપણે આયોજિત કરવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત અનેક જાગૃતિ અને સ્વચ્છતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અંતર્ગત સ્વચ્છ ખાદ્ય પહેલ અંતર્ગત ડિવિઝનના વિવિધ સ્ટેશનો ઉપર ફૂડ સ્ટોલ, કેન્ટીન અને ટ્રેનોમાં પેન્ટ્રી કાર વગેરેનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય નિરીક્ષકો અને વાણિજ્ય નિરીક્ષકોએ રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, દ્વારકા, ઓખા અને અન્ય સ્ટેશનો ઉપર આવેલા કેટરીંગ સ્ટોલ અને ટ્રેનોમાં આવેલી પેન્ટ્રી કારનું નિરીક્ષણ કર્યું હતું અને મુસાફરો, વિક્રેતાઓ અને રેલ્વે કર્મચારીઓને સ્વચ્છ ખોરાક વિશે માહિતી પૂરી પાડી હતી અને ખોરાકના નમૂના લેવામાં આવ્યા હતા. રાજકોટ સ્ટેશન અને અન્ય સ્ટેશનો ઉપર નુક્કડ નાટકોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નુક્કડ નાટકો દ્વારા રેલ્વે મુસાફરો, કુલીઓ, વિક્રેતાઓ અને કર્મચારીઓને સિંગલ યુઝ પ્લાસ્ટિકના નુકસાન અને સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા અને સ્વચ્છતા જાળવવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

## સોમનાથના શ્રાધ્ધ તીર્થ પવિત્ર ત્રિવેણી સંગમે કાગડાઓના ડેરા

(પ્રતિનિધી દ્વારા

પ્ર.પાટણ તા.૩૦

આજે શહેરોમાં કે નગરમાં પિતૃ તિથિઓમાં કાગવાસ ધરવા માટે કાગડાઓ દેખાતા કે મળતા નથી ત્યારે સોમનાથ શ્રાધ્ધ તિર્થ પવિત્ર ત્રીવેણી સંગમે કાગડાઓ સ્વયં હાજર રહે છે.



એક શ્રધ્ધા માન્યતા મુજબ આપણે પિતૃસ્વરૂપે કાગડાને કાગવાસના ઉચ્ચારથી અગાસીમાં બોલાવીને ખીર પુરી કે શીરો ભાવપુર્ણ રીતે જમાડીએ છીએ. અને કાગડાઓ પિતૃસ્વરૂપે આ શ્રાધ્ધ સ્વીકારે છે. તે પ્રચલીત વીધી છે. પરંતુ આ કોન્ક્રેટ જંગલ અને ભરચક બિલ્ડીંગોને કારણે કયાંય ઊંચા-ઝાડપાન ન હોઈ કાગડા શહેરોમાં દેખાતા નથી.

સોમનાથ પવિત્ર ત્રિવેણી સંગમ પિતૃ શ્રાધ્ધ અને તર્પણ વિધી માટે પ્રસિધ્ધ છે.

અત્યાર સુધી કાંઠે વિદેશી પક્ષીઓ અને કબુતરો જ દેખાતાં પરંતુ હવે કાગરાજ પણ દેખાતા થયા છે.





સામાન્ય રીતે અન્ય પક્ષીઓની જેમ તે માણસથી અંતર રાખી દુર રહે છે પરંતુ ત્રિવેણી સંગમે શ્રાધ્ધ કરવા આવેલ યજમાનો જે કોઈ ખાદ્યપદાર્થ કાંઠા ઉપર વેરે તેમાંથી ઝડપભેર ભોજન લઈ કાંઠાની શીખર છત્રી ઉપર બેસી જાય છે.

કયારેક કયારેક માણસથી નજદીક પણ આવતા હોય છે.

શહેરમાં કાગવાસ માટે સાદ પાડી પાડીને અને ચારેબાજુ કાગડા આવે છે કે નહીં તેની રાહ જોવી પડે છે. ત્યારે અહીં તો પિતૃશ્રાધ્ધમાં જેનો મહિમા વર્તવાયો છે તે કાગડા સ્વયંભુ ત્રિવેણી સંગમ કાંઠે પિતૃ શ્રાધ્ધ તીર્થે હાજર રહે છે. તે કથા મુજબના વિધિ વિધાનને સાર્થક, અસરકારક, ફળદાયી બનાવે છે.

## દેવભૂમિ દ્વારકામાં અનેક ટ્રેકિંગ પોઈન્ટ

# દેવભૂમિના બરડા ડુંગર, ઘુમલી સહિતના સ્થળોને ટ્રેકિંગ પોઈન્ટ તરીકે વિકસાવવા રજૂઆત







## આકર્ષણ સાથે પ્રવાસન ક્ષેત્રને મળશે વેગ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનેક ઐતિહાસિક સ્થળોનો વિકાસ પ્રવચન ક્ષેત્ર તરીકે થાય તેવા ઉજળા સંજોગો જોવા મળી રહ્યા છે. અહીંના વિશાળ દરિયાકાંઠા સાથે ઔષધીય વનસ્પતિ વચ્ચે ટ્રેકિંગને વેગ તેમજ ઉત્તેજન મળે તે હેતુથી જુદા જુદા સ્થળોને ટ્રેકિંગ પોઈન્ટ બનાવવા માટેની રજૂઆત કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઐતિહાસિક તેમજ અનેક ધર્મ સ્થળો સાથે જ્યાં વનસ્પતિઓનો પણ ભંડાર છે, તે ભાણવડ નજીક આવેલા બરડા ડુંગરનો પર્વતારોહણમાં ટ્રેકિંગ માટે બેઝિક કોર્ષના સ્થળ તરીકે વિકસાવવા માટે રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાને સ્થાનિક અગ્રણી ડો. રમેશભાઈ ભટ્ટ તથા હિતેન્દ્રભાઈ આચાર્ય દ્વારા રજૂઆતો કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં એકમાત્ર જુનાગઢ ખાતે પર્વતારોહણની તાલીમ તથા સર્ટીફીકેટનો બેઝિક કોર્સ સાથે અન્ય કોર્ષ થાય છે. જૂનાગઢમાં ગિરનાર પર્વત જેવો બરડા ડુંગર પણ પર્વતારોહણની પ્રાથમિક તાલીમ આપવા માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે છે. બરડા ડુંગર નજીકના વિસ્તાર એવા ઘુમલી આશાપુરા મંદિર, ભીમનાથ મહાદેવ, વિકિયા વાવ, સોન કંસારીના દેરા, આભાપારા સહિતની અનેક સુંદર જગ્યાઓ પણ અહીં આવેલી છે. જ્યાં ડુંગરોમાં કેડીઓ બનાવી અને ટ્રેકિંગ કરતા જવાય છે. હાલ આ તમામ સ્થળે ખૂબ જ રમણીય વાતાવરણ અને ખળખળ વહેતા ઝરણામાં મોટી સંખ્યામાં લોકો ઘુમલી, ભીમનાથ, સોન કંસારી, આભાપરા અને વિકિયા વાવ આવે છે. આ વિસ્તાર ડેસ્ટિનેશન અને પ્રી-વેડિંગ સહિતની ફોટોગ્રાફી માટે પણ ખૂબ જ આકર્ષણ રૂપ છે. ત્યારે જો અહીં કાયમી ધોરણે પર્વતારોહણની તાલીમ સંસ્થાઓ દ્વારા અપાય તો બરડા ડુંગરનો પણ વિકાસ થાય. સાથે દ્વારકા જિલ્લાના યુવાનોને જૂનાગઢ જેવા સ્થળે જવું ન પડે. અહીં પ્રાકૃતિક વાતાવરણમાં પર્વતારોહણ થઈ શકે. જેથી દ્વારકા જિલ્લામાં પ્રવાસન તેમજ ટ્રેકિંગ બાબતને પણ ઉત્તેજન મળે તેવી પરિસ્થિતિ વચ્ચે આ રજૂઆતોને રાજ્યના પ્રવાસન વિભાગના કેબિનેટ મંત્રી દ્વારા હકારાત્મક પ્રતિસાદ સાંપળ્યો છે.



By Suresh Agarwal
આ અઠવાડિયે વાંચો શિવ ખેરા ની ખુબ જાણીતી બુક, જીત તમારી એમેઝોન પર ₹ ૨૭૫ માં મળે છે. આ બુક તમને બહુ ઉપયોગી થશે. યાદ રાખો: વિચાર્યા વિના નું વાંચન નકામું છે અને વાંચન વિનાના વિચારો વિનાશ કરે છે.

## માંગરોળ મૌલાના હારૂન મસિત્યાનું નાની વયે હાર્ટએટેકથી મોત



### મૌલાના હારૂન ખુબજ કર્મશીલ અને ખીદમતગુઝાર હતા

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૩૦

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે રહેતા મૌલાના હારૂન મુસા મસિત્યાને હ્રદયરોગનો હુમલો આવતા દુઃખદ અવસાન થયું હતું. તેમની દફનવિધિમા હજારો લોકો જોડાયા હતા. રવિવારે વિશ્વ હાર્ટ-ડે મનાવી રહ્યો હતો એજ દિવસે માગરોળ લાલબાગ વિસ્તારમાં રહેતા મૌલાના હારૂન મસિત્યને હાર્ટએટેકથી મોત થતા લોકો હતભ્રત થઈ ગયા હતા. શનિવારે રાત્રે તેમને છાતીમાં દુઃખાવો ઉપડયો હતો. તાત્કાલિક અસરથી તેમને માંગરોળ શિફા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. વધુ સારવાર માટે કેશોદ રીફર કરવામાં આવ્યા હતા. કેશોદ સારવાર દરમ્યાન તેમણે દમ તોડી દીધો હતો. મૌલાના હારૂને નાની વયે ઘણી મોટી લોકચાહના મેળવી હતી. ઘણા વર્ષોથી દારૂલ ઉલુમ હસનિયાહમા ખીદમત આપી રહ્યા હતા. તેઓ મુસ્લિમ સમાજના શુભચિંતક ગણાતા હતા. તેઓ અમલિયતની લાઈનમાં પણ માહિર હતા. ગરીબ અને પિડીત લોકોને તેઓ દરેક રીતે મદદરૂપ થવા પ્રયત્નશીલ રહેતા હતા. ફક્ત ૪૫ વર્ષની યુવાન વયે ત્રણ નાના બાળકોના પિતા હ્રદયનો રોગનો શિકાર બનતા નાના બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી હતી. પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. તેમને માંગરોળ વાહીદશાહ કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યા હતા. તેમની દફનવિધિમાં હજારો લોકો જોડાયા હતા.

## ખેતી બેન્કની શાખાઓના અમદાવાદ સ્થિત હેડ ઓફિસે શાખા સમિતિઓના પ્રતિનિધિઓ અને સભ્યઓની રિવ્યુ મીટિંગ અને સન્માનનો કાર્યક્રમ




### પ્રથમ દિવસે સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાના પ્રતિનિધિશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું


(પ્રતિનિધિ દ્વારા)




અમદાવાદ તા.૩૦

ખેતી બેન્કની આશ્રમ રોડ, અમદાવાદ સ્થિત વડી કચેરીએ બેન્કની રાજ્યભરમાં આવેલ ૧૭૭ શાખાઓના પ્રતિનિધીઓ અને સભ્યઓના સન્માનનો જીલ્લાવાર કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાના પ્રતિનિધિઓના સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી રજનીભાઈ પટેલ ઉપસ્થિત રહેલ હતા. પ્રથમ દિવસે સવારે સાબરકાંઠા જિલ્લાની શાખાઓ અને તે બાદ બપોરના સમયે મહેસાણા જિલ્લાની શાખાઓની રિવ્યુ મીટિંગ અને શાખા સમિતિના પ્રતિનિધિઓનો સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ રિવ્યુ મીટિંગમાં બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાના આમંત્રણને માન આપી રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી રાજનીભાઈ પટેલ ઉપસ્થિત રહેલ. જેમને બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ હર્ષભેર આવકારી તેઓનું ફૂલહાર અને મોમેન્ટો આપી સન્માન કરેલ. આ રીવ્યુ મીટિંગમાં ઉપસ્થિત સાબરકાંઠા જિલ્લા ડિરેક્ટર ફલજીભાઈ પટેલ અને મહેસાણા જિલ્લા ડિરેક્ટર રામજીભાઈ ચૌધરીએ અને જિલ્લાની શાખા સમિતિના પ્રતિનિધિઓ-સભ્યઓએ હદયપુર્વક આવકારી તેઓનું સન્માન કરેલ. સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાની શાખા સમિતિના સભ્યો અને પ્રતિનિધીઓનું બેન્કના ચેરમેનએ ફૂલહાર અને મોમેન્ટો આપી બહુમાન કરેલ અને તેઓની બેંક પ્રત્યેની અવિરત સેવાને બીરદાવેલ અને આગામી સમયમાં પણ બેન્કની પ્રગતિ અને વિકાસમાં તેઓનો સહયોગ મળી રહેશે તેવી આશા વ્યક્ત કરેલ હતી.

### વીજળીનાં કડાકા ભડાકા સાથે 'હાથીયો' વરસ્યો

# ગિરનાર પર 'મેઘતાંડવ' માત્ર ૨ કલાકમાં સાડા પાંચ ઈંચ - જૂનાગઢમાં ૪ ઈંચ વરસાદ








## ભવનાથમાં ભારે વરસાદથી પુરની સ્થિતી દામોદરકુંડમાં આવ્યું ભારે પુર - મોતીબાગ બ્રીજ ઉપરથી પાણી વહેવા લાગ્યા, અનેક વિસ્તારોમાં પુરના પાણી

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરમાં ગઈકાલે બપોર બાદ એટલે કે સાંજના સમયે વીજળીનાં ચમકારા અને કડાકા ભડાકા વચ્ચે 'મેઘતાંડવ'શરૂ થયું હતું. સુપડાધારે ત્રાટકેલા વરસાદે થોડી જ વારમાં સર્વત્ર પાણી પાણી કરી દીધું હતું. જયારે જૂનાગઢની નજીક આવેલા ગિરનાર ક્ષેત્રમાં તો મેઘરાજાએ જમાવટ કરી અને ૨ કલાકમાં જ પાા ઈંચ વરસાદ વરસાવી દેતા ભવનાથ ક્ષેત્રમાં પુરનાં પાણી સર્વત્ર ભરાયા હતા. ભવનાથ મંદિર, ભારતી આશ્રમ અને અનેક ધાર્મિક સ્થાનો તેમજ સમગ્ર ભવનાથ વિસ્તારમાં જળબંબાકાર જેવી સ્થિતી હતી. ઉપરવાસમાં પડી રહેલા વરસાદના કારણે સુદર્શન તળાવ ઓવરફલો થતાં પાણીનો ભારે પ્રવાહ વહેતો થયો હતો જયારે ઉપરવાસનાં અતિભારે વરસાદને પગલે દામોદરકુંડ ફરી એકવાર બે કાંઠી થયો હતો. ગઈકાલે બે કલાક સુધી વરસાદી જમાવટને કારણે કાળવા નદી, સોનરખ નદી વગેરે નદીઓ બે કાંઠે થઈ હતી. કાળવામાં ભારે પાણી વહેવા લાગ્યા હતા અને મોતીબાગ બ્રીજ ઉપરથી પાણી વહેતું થયું હતું. ૧૫ વર્ષમાં પહેલીવાર આવું બન્યું હતું. અતિભારે વરસાદને કારણે જનજીવન ઉપર અસર પહોંચી હતી. અનેક સોસાયટી વિસ્તારોમાં ભારે વરસાદને પગલે પુર જેવી સ્થિતી સર્જાઈ હતી. બીજી તરફ જૂનાગઢ જીલ્લા કલેકટર, મનપાનાં કમિશ્નર તેમજ સંબંધીત અધિકારીઓની ટીમ લોકોને સાવચેતી રાખવા અને મદદ માટે તૈનાત હતી. વરસાદને લઈને લોકોને ઘરની બહાર ન નીકળવા કે ભવનાથ તરફ ન જવા અપીલ કરવામાં આવી હતી. અસરગ્રસ્તોને સલામત સ્થાને પહોંચાડવામાં આવ્યા હતા. દરમ્યાન મોડેથી મેઘરાજાએ ખમૈયા કરતાં તંત્રએ નિરાંતનો શ્વાસ લીધો હતો. ગઈકાલે મેઘરાજાએ ધુંઆધાર બેટીંગ કરતા જૂનાગઢ, ગિરનાર સહિત અનેક વિસ્તારમાં સારો વરસાદ પડયો હતો. ગિરનાર પર બે કલાકમાં સાડા પાંચ ઈંચ, જૂનાગઢમાં ૪ ઈંચ, ભેંસાણમાં દોઢ ઈંચ, વિસાવદર ૪ાા ઈંચ, મેંદરડા ૨ ઈંચ, કેશોદમાં ૧ ઈંચ, માળીયામાં ૧ ઈંચ વરસાદ પડયો હતો. છેલ્લા ત્રણ દિવસ થયા બપોર બાદ મેઘરાજા વરસે છે. આજે સવારથી જ વરસાદી માહોલ અને વાદળછાંયું વાતાવરણ રહયું હતું. તેમજ બાદમાં ઉઘાડ જેવી સ્થિતી સર્જાતા લોકોને રાહત થઈ છે અને તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

### રાતોરાત કરોડપતી બની ગયેલા

# ભાજપનાં સ્થાનિક નેતાઓની સંપત્તિની ગુપ્તરાહે તપાસનાં અહેવાલોથી ખળભળાટ

## બેનામી સંપતિ ઝડપાશે તો ભાજપમાંથી હંકાલપટ્ટી સહિતના આકરા પગલા ભરાશે

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ શહેરમાં કેટલાક ભાજપના કેટલાક નેતાઓનાં આર્થિક વ્યવહારોની અતિગુપ્ત રીતે તપાસ ચાલી રહી હોવાનું આધારભૂત સુત્રો દ્વારા જાણવા મળે છે. ખાસ કરીને અગાઉ ઉઘાડપગાની વ્યાખ્યામાં આવેલા કેટલાક ભાજપી નેતાઓ (પ્રજાનાં કહેવાતા સેવકો)ખુબ ટુંકા ગાળામાં રાતોરાત કરોડપતિની વ્યાખ્યામાં આવી ગયા છે ત્યારે તેના સંપતિનાં વ્યવહારો માટે સઘન તપાસ હાથ ધરવામાં આવી છે અને સંપતિ બનાવવાનાં ખેલમાં જો કસુરવાર ઠરશે તો તેમની સામે કથિત સંપતિ જપ્ત કરી લેવા તેમજ હકાલપટ્ટી સુધીનાં આકરા પગલા તોળાઈ રહયા છે.

જૂનાગઢ મહાનગરપાલીકાની ચુંટણીઓમાં પ્રજાએ સુશાસન મળે તેવા આશાવાદ વચ્ચે અત્યાર સુધીમાં લોકોએ ભાજપનાં ઉમેદવારોને ખોબેને ધોબે મત આપી અને રાજ સિંહાસનની ખુરશીઓ આપી દીધી છે. અપવાદરૂપ કેટલાક પ્રજાસેવકોને બાદ કરતાં ઘણા કહેવાતા ભાજપી નેતાઓએ શહેરનાં વિકાસને એકબાજુ મુકી દઈ પ્રજાને સારી સુવિધા આપવાનાં બદલે સ્વવિકાસ ઉપર ધ્યાન કેન્દ્રીત કરી અને અઢળક સંપતિ બનાવી લઈ અને ઉઘાડપગામાંથી રાતોરાત કરોડપતિની વ્યાખ્યામાં આવી ગયેલા આવા પોતાની જાતને પ્રજાનાં સેવકો ગણાવનારા આ ભાજપના નેતાઓએ ઘર ભરી લીધા છે. ગેરકાદેસર બાંધકામનું પાપ તેઓના છુપા આશિર્વાદ સાથે વટવૃક્ષ બની ગયું છે. ગમે તેવા ગેરકાયદેસર બાંધકામો માટેની મંજુરી આપી દેવાનું આ નેતાઓને રમતનું અને આવકનું સાધન બની ગયું છે. જૂનાગઢ શહેરમાં લોકોની પ્રાથમિક સુવીધાના અગ્રતા આપવાની બાબતનું ફીંડલું વાળી દઈ અને અત્યારનાં જૂનાગઢમાં ગેરકાયદે બાંધકામોનો રાફડો ફાટયો છે. એટલું જ નહી નિયમ વિરૂધ્ધનાં પ્લાનોને પણ આંખ મીંચામણા કરી ભ્રષ્ટાચાર આચરવાનું ખરાબ કૃત્ય પણ આવા કથિત નેતાઓએ આચર્યુ અને જેના કારણે ગત વર્ષે ભારે વરસાદનાં સમયે પુર હોનારત સર્જાઈ છે અને જેના કારણે જૂનાગઢની પ્રજાને ભારે નુકશાન વેઠવું પડયું છે. ભાજપનાં નામ માત્રથી જૂનાગઢની પ્રજા આજે નાકનું ટેરવું ચડાવી દે છે અને કોઈકાળે ભાજપનાં ઉમેદવારોને મનપાની આગામી ચુંટણીમાં મત નહીં આપવાનું જાણે મન બનાવી લીધું છે. એક તરફ ભાજપનાં સંગઠનના માળખામાં ઉચ્ચ પદ ધરાવનારા વિરૂધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરી ઈમારત ખડકી દેવામાં આવી હોવાની આક્ષેપબાજી થઈ રહી છે. અને આવા કથિત ભાજપી નેતાઓના ભ્રષ્ટાચારનો પરપોટો ફુટી રહયો છે.

ટુંકમાં એમ કહીએ તો ચાલે કે જૂનાગઢનાં આવા મુઠીભર ભાજપી પદાધિકારીઓને કારણે જૂનાગઢની હાલત દિવસે દિવસે ખરાબ બની રહી છે. રાજય સરકાર દ્વારા જૂનાગઢ શહેરને અપાતી નાણાંની કોથળીઓનો આડેધડ મનફાવે તેમ વહીવટ કરી સરકારે અને પ્રજાએ જે જૂનાગઢનાં વિકાસની કલ્પના કરી હતી તેના ઉપર પાણી ફરી વળ્યું છે અને શહેરની હાલત અત્યંત ખરાબ બની ગઈ છે. ખરાબ રસ્તા, આડેધડ ખોદકામ કરી અને લોકોની મુશ્કેલીમાં વધારો કરવામાં આવી રહયો છે. રસ્તાઓનાં અણઘડ વહીવટ અને કામોને કારણે ઘણીવાર તો શહેરમાં આવેલી પાણીની તેમજ ગટરની લાઈનો પણ મીકસ થતી હોય અથવા તો પાણીની લાઈન તુટી જવાનાં કારણે લોકોનાં ઘર સુધી અને વેપારીઓની દુકાનોમાં પણ પાણી ઘુસી જવાનાં કારણે ભારે નુકશાન વેઠવું પડી રહ્યું છે.

જૂનાગઢ શહેરની સમસ્યાઓમાં સતત વધારો થઈ રહયો છે અને તેના પડઘા છેક ગાંધીનગર સુધી પડયા છે. આગામી સમયમાં મહાનગરપાલીકાની ચુંટણી માથે ગાજી રહી છે ત્યારે આ ચુંટણી માટે ભાજપનાં કેટલાક નેતાઓ પોતે નહીં તો પોતાના પરીવારનાં સભ્યને ટીકીટ આપવાનું પણ જોર કરી રહયા છે. આવા સંજોગોમાં વગોવાયેલા નેતાઓ કે તેમના પરીવારનાં કોઈ સભ્યને ટીકીટ આપવાનું તો દુર પરંતુ હાલના સમયમાં જે પદો ધારણ કર્યા છે તે પદો ઉપરથી પણ તેમને પદભ્રષ્ટ કરવા માટેનાં અભિયાનના ભાગરૂપે ભાજપ મોવડી મંડળ અને સરકાર તૈયારી કરી રહી છે અને એટલા માટે જૂનાગઢ ભાજપનાં કેટલાક નેતાઓ દ્વારા કોર્પોરેશનના શાસન દરમ્યાન અપાયેલ મંજુરી, બેંક એકાઉન્ટ અને અગાઉ તેમની શું સ્થિતી હતી અને અત્યાર કેવી સ્થિતી છે ? તે તમામની ચકાસણી માટે બેંક એકાઉન્ટ ઉપરાંત મનપાની ફાઈલોની ચકાસણી કરવામાં આવી રહી છે અને ભ્રષ્ટ નેતાઓ સામે આકરા પગલા તોળાઈ રહયાનું જાણકાર વર્તુળો જણાવી રહયા છે.

# ભારે વરસાદને પગલે જૂનાગઢના રસ્તાઓનું ફરીથી ધોવાણ

## રોડ સમારકામની કામગીરી દરમ્યાન ખાડા બુરેલા રસ્તાઓની હાલત અતિ ખરાબ

જૂનાગઢ તા.૩૦

હાથીયા નક્ષત્રના પ્રારંભ સાથે જ જૂનાગઢ શહેરમાં પણ છેલ્લા ત્રણ દિવસ એટલે કે, ગુરૂ, શુક્ર અને રવિવાર દરમ્યાન અતિભારે વરસાદ પડી ગયો હતો. આ વરસાદના કારણે એક તરફ ઉપરવાસનો પાણી પણ એટલો જ શહેરનો ઘમરોડવા લાગ્યું હતું. ગિરનાર ઉપર સુંપડાધારે ખાબકેલા વરસાદનો પગલે નદીઓમાં પાણીની આવક થઈ હતી અને ઉપરવાસની આ આવકને પગલે વિવિધ ડેમોના દરવાજા પણ એક તકે ખોલી નાખવામાં આવ્યા હતા. ત્રણ દિવસ એકધારા જોકે શનિવારના દિવસે વિરામ જેવા વાતાવરણ વચ્ચે ગઈકાલે રવિવારે પણ સારો વરસાદ ખાબકતા જૂનાગઢ શહેરના તમામ વિસ્તારોમાં પાણી ફળી વળ્યા હતા. એક તકે તો વિવિધ વિસ્તારોમાં લોકોએ જરૂરીયાત વિના બહાર ન નીકળવું તેવી અપીલ સાવચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા કરવામાં આવી હતી.

અતિશય પડેલા વરસાદને પગલે ખરાબ રસ્તાઓની હાલત વધુ ખરાબ બની ગઈ છે. તાજેતરમાં જ મનપાના કમિશ્નર દ્વારા રસ્તાઓ રીપેરીંગ કરવાના આદેશો જારી કર્યા બાદ કેટલાક વિસ્તારોમાં રસ્તાઓની કામગીરી ચાલી રહી છે. ગુણવત્તાયુકત કામગીરી બનાવવાના આદેશને પગલે રસ્તાઓ થોડાઘણા સારા કહી શકાય તેવા બની રહ્યા છે. આ સાથે જ જયાં પણ જરૂરીયાત હતી ત્યાં તુટેલા રસ્તાઓના ખાડાઓ બુરવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી હતી. પરંતુ સતત ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદને પલગે આ રસ્તાઓનું ફરી એકવાર ધોવાણ થઈ ગયું છે. જયારે જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારના ખરાબ રસ્તાઓને કારણે અવર-જવર માટે ભારે હાલાકી પડી રહી છે ત્યારે તુટેલા રસ્તાઓની અથવા તો અગાઉ રીપેરીંગ કરવાની જે કામગીરી હાથ ધરાઈ હતી તેના પર અત્યારે પાણી ફળી વળ્યું છે. જૂનાગઢ શહેરના રસ્તાઓની ખરાબ હાલત દિવસે-દિવસે બગડી રહી છે.

ટકોરાબંધ જો રસ્તાઓનું કામ અને મજબુતી સાથે કરવામાં આવે તો જ જૂનાગઢ શહેરને સારા રસ્તાઓનું સુખ મળી શકે તેમ છે ત્યારે તંત્ર દ્વારા આ બાબતે ચોકસાઈ પૂર્વક ધ્યાન રાખી અને રસ્તાઓ તહેવારો દરમ્યાન રીપેરીંગ કામ પૂર્ણ કરી લેવામાં આવે તેવી લાગણી અને માંગણી આમ જનતામાં વ્યાપેલી છે.

અત્રે નોંધનીય છે કે, રસ્તાઓના સમારકામ બાબતની ફરિયાદોની વચ્ચે લોકો કહી રહ્યા છે કે, જૂનાગઢ જોષીપરા ફાટકથી બસ સ્ટેન્ડ સુધીનો જે માર્ગ રેલ્વે વિભાગ દ્વારા બનાવવામાં આવેલ છે. આ રસ્તા પર ભારે વરસાદને પગલે પણ કોઈ જ જાતની હાલાકી લોકોને પડતી નથી તેવો રસ્તો આજે સલામત છે. ત્યારે જૂનાગઢ શહેરમાં પણ આવી જ રીતે રસ્તાનો કામ હાથ ધરાય તો રસ્તાઓ ટકાઉ રહેશે તેવું પણ લોકો જણાવી રહ્યા છે.

# કેશોદમાં ૧૭૫ ટકા વરસાદ થતાં ૧૬ આની વર્ષ : ખેડુતો ખુશખુશાલ


કેશોદ તા. ૩૦:

વિદાય લેવા માટે આ વરસે આંગણે જઈ રહેલા ચોમાસાની સીઝન સૌને ખુશખુશાલ કરી દીધા છે આ વિસ્તારના વરસાદની સરાસરી ૪૦ ઈંચ છે ૪૦ ઈંચ વરસાદ થઈ જાય તો ભયોભય થઈ જાય તેના બદલે આ વરસાદનો આંકડો ૭૦ ઈંચને આંબી ગયો છે તેના સીધા પરિણામરૂપે આ વરસ ખેડુતોની ભાષામાં કહીએ તો સોળ આની થશે.

આ વિસ્તારનો મુખ્ય પાક મગફળી છે અને ૯૦ દિવસનો આ પાક છે ૧૫ જુનથી ૧૫ સપ્ટેમ્બર ૩ માસનો સમય આ પાક માટે પુરતો થઈ રહી છે અને સમયાંતરે વરસાદ આવી ચાલીસ ઈંચ વરસાદ મગફળીના પાક માટે પુરતો થઈ જાય છે. ખેડુતોની ભાષામાં કહીએ તો ૪૦ ઈંચ વરસાદથી સોળઆની વરસ પાકે છે.

પરંતુ આ વરસે અત્યાર સુધીનો વરસાદ ૭૦ ઈંચનો આંકડે પહોંચી ગયો છે ૧૫ જુનથી ૧૫ સપ્ટેમ્બર સુધીમાં ૬૫ ઈંચને આંકડે પહોંચી ગયો હતો અને ૧૫ સપ્ટેમ્બર પછી ભાદરવાના તડકાના કારણે જે પાકની વાવણી મોડી થયેલ છે ત્યાં છેલ્લા એક પાણીની ખાસ જરૂરિયાત ઉભી થઈ હતી એક પાણીના અભાવે હાથમાં આવેલો કોળીયો ઝુટવાય જાય તેવી સ્થિતિ ઉભી થઈ હતી આ સથિતિમાંથી હેમેખમ પસાર થવા માટે કેટલાક ખેડુતોએ પાકને બચાવવા પાણીની પીવરાવવાની પણ શરૂઆત કરી દીધી હતી.

# કેશોદમાં પુત્રની સ્કોલરશીપ માટે દાખલો મેળવવા જતાં મહિલાની લાજ લુંટાઈ



## કેશોદ પોલીસે માણેકવાડાના શખ્સ વિરૂધ્ધ બળાત્કાર એટ્રોસીટી ધાકધમકીનો ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૩૦

કેશોદ તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી મહિલાને પોતાના અભ્યાસ કરતાં પુત્રની સ્કોલરશીપ મેળવવા દાખલાની જરૂરિયાત હોય જરૂરી આધાર પુરાવાઓ સાથે માણેકવાડા ગ્રામ પંચાયત કચેરીએ જતાં હાજર વીસી વિક્રમભાઈ હમીરભાઈ વીરડાએ આધાર પુરાવાઓ લઈને બીજા દિવસે કેશોદ ખાતે તલાટી મંત્રી મળશે જેથી તાલુકા મથકે આવી દાખલો લઈ જવા જણાવ્યું હતું. કેશોદ બસ સ્ટેન્ડ પર આવી મહિલાએ વીસી વિક્રમભાઈ હમીરભાઈ વીરડાને ફોન કરતાં બસ સ્ટેન્ડ સામે ગલીમાં આવેલ ખુશ્બુ હોટલમાં રૂમ નંબર ૧૦૯માં બોલાવેલ ત્યારે ભોગ બનનાર મહિલા પોતાની ૧૪ વર્ષની પુત્રીને લઈ હોટલના રૂમમાં પ્રવેશતાં દરવાજો બંધ કરી મહિલાને છરી બતાવી ધાકધમકી આપી મહિલા સાથે દુષ્કર્મ આચરતાં મહિલાએ કેશોદ પોલીસ સ્ટેશન પર પહોંચી કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર પી. એ. જાદવ સમક્ષ હકીકત જણાવતાં ભોગ બનનાર મહિલાનું નિવેદન નોંધી માણેકવાડા ગ્રામ પંચાયતના વીસી વિક્રમભાઈ હમીરભાઈ વીરડા વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(એમ), ૩૫૧(૩) એટ્રોસીટી એકટ ૩(૧)(ડબલ્યુ), ૩(૨)(આર)(એસ), જીપીએ કલમ ૧૩૫ હેઠળ દુષ્કર્મ, એટ્રોસીટી ધાકધમકી સહિતનો ગુનો નોંધી આગળની તપાસ કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી.સી. ઠકકરના માર્ગદર્શન હેઠળ આરોપી વિક્રમભાઈ હમીરભાઈ વીરડાને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.